શ્રી ગિરિરાજજીની માનસી પરિક્રમા


રાધાકુંડ
કુસુમસરોવર
માનસી ગંગા
જતીપુરા
સુરભીકુંડ
શ્રી ગિરિરાજજી
ગોવર્ધન
અપ્સરાકુંડ
જમનાવતી
પૂછરી
અન્યોર
ગોવિંદકુંડ

શ્રી ગિરિરાજજીની માનસી પરિક્રમા

॥ શ્રી હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોર્વધનાય નમઃ ॥

હરિદાસવર્ય શ્રીગિરિરાજજીની પરિક્રમ્મા કરવાનું ઘણું મોટું માહાત્મય છે. શ્રી ગિરિરાજજીની પરિક્રમ્મા કરવાથી જીવનાં અનિષ્ઠો દૂર થાય છે. અને તેને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.

શ્રીગિરિરાજની પરિક્રમ્મા ત્રણ પ્રકારે થાય છે. (૧) પંચકોશી-૧૫ કિ.મી.ની (૨) સપ્તકોશી-૨૬કિ.મી.ની (૩) નવકોશી-૨૭ કિ.મી.ની

પંચકોશી પરિક્રમ્મા :

શ્રી મુખારવિંદથી દંડવત કરીને દંડોતી શિલાએ જઇ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને ત્યાંથી તળેટીનાં માર્ગે ગોવર્ધન, દાનઘાટી, અન્યોર, પૂછરી અને સુરભિકુંડ થઇને પુનઃદંડોતી શિલા સુધી પહોંચતા પાંચકોશ એટલે આશરે ૧૫ કિ.મી.ની પરિક્રમ્મા થાય છે.

સપ્તકોશી પરિક્રમ્મા :

શ્રી મુખારવિંદથી દંડવત કરીને દંડોતી શિલાએ જઇ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને ત્યાંથી તળેટીનાં માર્ગે ગોવર્ધન માનસીગંગા, ઉદ્ધવકુંડ, રાધાકૃષ્ણકુંડ, થઇને પુનઃ ગોવર્ધન આવી ત્યાંથી દાનઘાટી, અન્યોર, ગોવિંદકુંડ, પૂછરી, સુરભિકુંડ થઇને દંડોતી શિલા પહોંચતા સાત કોશ એટલે કે આશરે ૨૧ કિ.મી. ની પરિક્રમ્મા થાય છે.

નવકોશી પરિક્રમ્મા :

શ્રી મુખારવિંદથી દંડવત કરીને દંડોતી શિલાએ જઇ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને ત્યાંથી તળેટીનાં માર્ગે ગોવર્ધન માનસીગંગા, ઉદ્ધવકુંડ, રાધાકૃષ્ણકુંડ, થઇને પુનઃ ગોવર્ધન આવી ત્યાંથી ત્યાંથી ચંદ્રસરોવર, આન્યોર, ગોવિંદકુંડ, પૂછરી, સુરભિકુંડ, થઇને દંડોતી શિલા સુધી પહોચતા નવકોશી પરિક્રમ્મા એટલે કે આશરે ૨૭ કિ.મીટરની પરિક્રમ્મા થાય છે.

જતીપુરા :

સાત વર્ષના શ્રીકૃષ્ણે નંદબાવાનો આજ્ઞા કરી કે બાવા આવતી કાલે આપણે શ્રી ગિરિરાજજીનો ગોવર્ધન યજ્ઞ કરવાનો છે. એ પહેલા શ્રી ગિરિરાજજીની કૃપા પ્રાપ્ત કરવા માટે આજની દિવાળીને રાત્રે સૌ વ્રજવાસીઓ શ્રી ગિરિરાજજીની નવકોશી પરિક્રમ્મા કરી આવો. ઘરડાં બાળકો, સ્ત્રીઓ જે ન ચાલી શકે તો ગાડામાં બેસીને સૌ પરિક્રમ્મા કરી શકે.

નંદબાવાની આજ્ઞા છુટી સૌ વ્રજવાસીઓ પોતપોતાનાં જૂથમાં ભેગા થઈને મુખારવિંદ તરફ જઇ રહ્યા છે. સૌએ સુંદર રંગબેરંગી વસ્ત્રો પહેર્યા છે. ગ્વાલોના માથે સુંદર રંગબેરંગી પાઘડીઓ છે. સૌ શ્રી ગિરિરાજબાવાનો જયજયકાર કરતાં મુખારવિંદતરફ જઇ રહ્યા છે.

આપણે પણ એ વ્રજવાસીઓની પાછળ પાછળ શ્રી ગિરિરાજ બાવની પરિક્રમ્મા કરવા જવું છે. મનથી આપણે જતીપુરા જવું છે. જતીપુરાનાં આપણા મુકામથી આપણે સૌ શ્રી ગિરિરાજબાવાનાં ગુણગાન ગાતાં ગાતાં જતીપુરાનો ચોક વટાવી (આજુબાજુની લારીઓ ઉપર નજર કર્યા વિના ચાલવાનુ હો) દૂધગરીયાની ગલીમાં થઈને મુખારવિંદ પહોંચીએ.

‘‘શ્રી ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ’’ ગાતાં ગાતાં આપણે મુખારવિંદ ઉપર આવી ગયા છીએ.

મુખારવિંદ-શ્રી મહાપ્રભુનાં બેઠકજી

મંગળાના દર્શન થવાની તૈયારી છે બરાબર મુખારવિંદની સામે શ્રી મહાપ્રભુજીના સુંદરશીલાનાં બેઠકજી બિરાજે છે.

સુંદર શિલાની પાસે જેને પૂજ્ય શિલા કહે છે. ત્યા શમી વૃક્ષ નીચે શ્રી મહાપ્રભુજીના બેઠકજી છે ત્યાં દામોદરદાસની ગોદીમાં મસ્તક ધરીને આપ પોઢયા હતા તે સમયે શ્રી ગોવર્ધનનાથજીશ્રી આચાર્યની પાસે પધાર્યા, ત્યારે દામોદરદાસે ઈશારાથી શ્રી ગોવર્ધનનાથજીને કહ્યું તમે હમણાં અહીં ન આવો. તમે ચંચલ છો તેથી શ્રી આચાર્યજી જાગી જશે.

ત્યારે શ્રી ગોવર્ધનનાથજી ઉભા થઈ રહ્યા એટલામાં શ્રી આચાર્યજી જાગી ઉઠયા, ત્યારે કહ્યુ બાવા ત્યાં કેમ ઉભા છો ? પાસે પધારો, ત્યારે શ્રી ગોવર્ધનનાથ પાસે આવી, શ્રી આચાર્યજીને કહે છે કે તમારા સેવકે મને મના, કરી. કહ્યુ અહીં ન આવશો શ્રી આચાર્યજી જાગી જશે. તેથી હું દૂર ઉભો રહ્યોઆથી શ્રી આચાર્યજી દામોદરદાસ ઉપર ચિઢાવા લાગ્યા તે શ્રી ગોવર્ધનનાથજીને કેમ મના કરી ? ત્યારે શ્રી ગોવર્ધનનાથજીએ કહ્યું કે એના પર શા માટે ચિઢાવો છો ? એણે તો પોતાનો ધર્મ રાખ્યો. એમને માટે તો એજ બરાબર છે. પછી શ્રી આચાર્યજીએ શ્રી ગોવર્ધનઘરને ખોળામાં બેસાડી કપોલ ઉપર સ્પર્શ કરી કહ્યુ કે બાબા, કશીક આજ્ઞા કરો ત્યારે ગોર્વધનઘરે કયું મને ગાય બહું પ્રિય છે. શ્રી આચાર્યજીએ સદુપાડેને બોલાવી વેદકર્મ કરવાની પવિત્રી હતી તે આપી કહ્યું કે આનાં પૈસા કરી શ્રી ગોવર્ધન માટે ગાય લઈ આવો.

એક વખત શ્રીનાથજીએ શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે વલ્લભ હું આપની પાસે માંગુ તે આપશો ? ત્યારે મહાપ્રભુજીએ હાથ જોડી વિનંતી કરી પ્રભુ, આપની શી ઈચ્છા છે ? શ્રીનાથજીએ આજ્ઞા કરી કે મારે માટે એક નૂપૂરની જોડી બનાવી આપો. આમ અહીં શ્રી મહાપ્રભુજી પાસે નૂપૂર અને ગાયની માંગણી શ્રીનાથજીએ કરી હતી.

આપણે પણ શ્રી મહાપ્રભુજીને આ સુંદર શિલાના બેઠકજી પર વિનંતી કરીશું કૃપાનાથ આપની કૃપાથી આપની કાનીથી આપના બોલાવ્યા વ્રજમાં આવ્યા છીએ. અમારું કોઈ સામર્થ્ય નથી આપની કાનીથી આપની પ્રેરણાથી, હૃદયમાં મનોરથ થયો છે. શ્રી ગિરિરાજબાવાની નવકોશી પરિક્રમ્મા કરવી છે. શ્રી મહાપ્રભુજી સસ્મિતવદને પૂછે છે. ‘‘વૈષ્ણવ શા માટે પરિક્રમ્મા કરવી છે ? શ્રી મહાપ્રભુજીને આપણે બે હાથ જોડી દીનતાથી વિનંતી કરીશું કૃપાનાથ આપના સેવક છીએ. કોઈ લૌકિક સ્વાર્થ નથી. કશું મેળવવા અમારે પરિક્રમ્મા નથી કરવી. કૃપનાથ આ લૌકિક દેહ તો શ્રી ઠાકોરજીને ભેટવું દુર્લભ છે. શ્રીગિરિરાજબાવાની અમારે કૃપા જોઈએ છે એમનો સંગ જોઈએ છે. તેઓ અમને શ્રી ઠાકોરજી મેળવી આપે.

કૃપાનાથ આ વ્રજરજ છે. જે વ્રજરજમાં શ્રી યુગલ સ્વરૂપમાં ચરણચિન્હો અંકિત છે. એ સાક્ષાત ભગવદ્સ્વરૂપ બની ચૂકયાં છે. પ્રભુમાં જે સામર્થ્ય છે એ આ વ્રજરજમાં છે. અમારી આગળ ભગવદીયો ચાલે, એ ચરણરજનાં સ્પર્શથી અમારું શરીર તનુનત્વ અને દિવ્યતા પામે કૃપાનાથ આ શરીરથી તો અમે પ્રભુને ભેટવા લાયક નથી પણ આ વ્રજરજ એ પ્રભુનુ સ્વરૂપ છે. તે અમારા શરીરને લાગવાથી અમારો ઉદ્ધાર થાય.

કૃપાનાથ બીજુ પણ કારણ આ પરિક્રમ્મા કરવાનું છે કે સારસ્વત કલ્પમાં પ્રભુએ જે લીલાઓ કરીતે સ્થાનનાં દર્શન થાય. આપની અને શ્રી ગિરિરાજબાવાની કૃપા થાય તો એની અમને ઝાંખી પણ થાય.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞા માથે ચડાવીએ, એમની ચરણ રજ માથે ચડાવીએ એમની આજ્ઞા લઇને ચરણ-સ્પર્શ કરીને સાંષ્ટાંગ દંડવત કરીએ. અને હવે શ્રી ગિરિરાજ બાવાના મુખારવિંદ તરફ જઇએ.

‘‘હવે સાષ્ટાંગ દંડવત કરીને ગિરિરાજ બાવાની પરિક્રમ્મા કરવા માટેની આજ્ઞા લઇશું. આપણે પરિક્રમ્મા કરતાં પહેલાં પ્રતિજ્ઞા કરીએ કે પરિક્રમ્મા દરમિયાના લૌકિક વાતો નહીં કરીએ, ભગવદ ગુણાનુવાદ સિવાયનો કોઇ શબ્દ નહીં ઉચ્ચારીએ, કોઇના ઉપર ગુસ્સે નહીં થઇએ, મન સ્વસ્થ અને શાંત રાખીશું , બાવા આપની પ્રસન્નતા માટે આ પરિક્રમ્મા આપની કૃપાથી કરવી છે. પરંતુ ફક્ત સ્થળનાં દર્શન નથી કરવા માર્ગમાં જે જે લીલાસ્થળ આવે તે તે સાક્ષાત લીલાના દર્શન કરવા છે. આપ કૃપા કરીને કરાવજો. યોગ્યતા કરતાં અધિક મનોરથ કર્યો છે. પરંતુ આપને લાયક આપને યોગ્ય પવિત્રાનું દાન પણ આપજ કરજો. હવે આપણે પરિક્રમ્મા કરવા નીકળવું છે.

શ્રી ગુંસાઇજીનો તુલસી ક્યારો :

મુખારવિંદની બાજુમાં શ્યામ ગ્રેનાઇટનો બનેલો શ્રી ગુંસાઇજીનો તુલસી ક્યારો છે. શ્રી ગુંસાઇજીની નિત્યલીલા પ્રવેશની યાદમાં તે બનેલો છે. શ્રી ગુંસાઇજી ગોવિંદસ્વામી ને સાથે લઇ સદેહે શ્રી ગિરિરાજજીની ભીતર નિત્યલીલામાં પધાર્યા હતા. અગ્નિસંસકાર માટે આપે શ્રી ગિરિધરજીને પોતાનો ઉપરણો

આપ્યો હતો. અહીં શ્રી ગુંસાઇજીને દંડવત કરીએ અને વિનંતિ કરીએ કે આપતો સેવા સાગર છો. પ્રભુની પ્રસન્નતા બની આવે તેવો સેવા પ્રકાર આપે સુદઢ કર્યો છે. કૃપા કરીને આપે બતાવેલ માર્ગના સિદ્ધાત પ્રમાણે હું સેવા સ્મરણ અને સત્સંગ કરૂ એવી કૃપા કરજો.

શ્રી સવોત્તમ કુંજ ઃ

શ્રી ગિરિરાજબાવાને અને શ્રી ગુંસાઈજીને દંડવત કરી થોડાકા જ ડગલાં હજીતો ચાલ્યા છીએ ત્યાં ડાબા હાથે નવું બનાવેલ મકાન છે. જે ગ્રેનાઈટથી બનાવેલું છે. તેના ઉપર લખેલું છે. ‘‘શ્રી સર્વોત્તમ કુંજ’’ હવે તો એ ગેસ્ટ હાઉસ બની ગયું છે.

પણ એક જમાનામાં એ શ્રી મથુરાનાથજીનું મંદિર હતું. શ્રી ગુંસાઈજીનાં સમયમાં એમનું નિવાસસ્થાન હતું. શ્રી ગુંસાઈજી અને સાત બાળકો જ્યારે જતીપુરા પધારે ત્યારે અહી બિરાજતા શ્રી ગુંસાઈજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીના અહી બેઠકજી છે. અહીં એક દિવસ શ્રી ગુંસાઈજીએ શ્રી ગિરિધરજી અને શોભાબેટીજીને શ્રી મહાપ્રભુજીએ આરોગાવેલા સવા રૂપિયામાં થયેલ અન્નકુટના દર્શન કરાવ્યા હતા. એ આ શ્રી ગુંસાઈજીના બેઠકજીનું સ્થાન છે. અહીં આપણે દંડવત કરી પ્રભુને વિનંતી કરીએ કે કૃપાનાથ અમને પણ આ દર્શન કરાવો. દંડવત કરી આગળ ચાલીએ.

દંડવતી શિલા ઃ

હવે આપણે દંડવતી શિલાએ આવી પહોંચ્યા આ દંડવતી શિલા એટલા માટે કહેવાય છે કે શ્રી મહાપ્રભુજીનાં સમયથી શ્રી વલ્લભ અને વલ્લભકુળ, વૈષ્ણવો વગેરે જેને સેવા કે દર્શન માટે શ્રી ગિરિરાજ ઉપર જવું હોત તો સૌ પહેલાં અહી આવી દંડવત કરે અને ઉપર જવાની આજ્ઞા લે. દંડવતી શિલા શ્રી ગિરિરાજબાવાનાં ચરણકમળ છે. જેમનાથી કોઈ કારણસર ગિરિરાજજીની પરિક્રમ્મા ન થઈ શકે તે દંડવતી શિલાની પરિક્રમ્મા કરે છે. શ્રી મહાપ્રભુજીનાં સમયમાં આ દંડવતી શિલા સાડાપાંચ ફુટ ઉંચા હતા. આપણે પણ અહીં દંડવત, ચરણ સ્પર્શ કરી લઈએ.

શ્રી ગોકુલનાથજીના બેઠકજી :

દંડવતી શિલાથી ચાર જ ડગલાં આગળ શ્રી ગોકુલનાથજી પ્રભુની શ્રી ગિરિરાજ ધારણની લીલા છે. આપની બંને બાજુએ શ્રી રાધિકાજી અને શ્રી ચંદ્રાવલીજી બે સ્વામિનીજી છે. ત્યાં આપણે દંડવત કરી લઈએ.

દંડવતી શિલાની સામે એક મોટો દરવાજો છે. તે નગારખાનાનો દરવાજો કહેવાય છે.

હવે આપણે ભગવદ નામ લેતાં આગળ વધી રહ્યા છીએ. આપણી જમણી બાજુશ્રી ગિરિરાજબાવાનાં દર્શન થઈ રહ્યાં છે. ‘‘રાધે રાધે શ્યામ મિલા દે’’ સ્મરણ કરતાં જાન અજાન વૃક્ષ તરફ જઈ રહ્યા છીએ.

જાન અજાન વૃક્ષ :

લો આપણે જાન અજાન વૃક્ષ આવી ગયા. અહીં શ્રી ગિરિરાજજીની સામે આપણાં જમણાં હાથે સુંદર ચોતરો છે. એના ઉપર નજીક નજીક બે વૃક્ષો છે. પ્રાચીન વૃક્ષો સુકાઈ જવાથી નવા વૃક્ષો રોપાવ્યા છે.

રાસમાંથી પ્રભુ જ્યારે અંતધ્યાન થાય ત્યારે ગોપીજનનો પ્રભુને શોધવા નીકળ્યા હતા. ચંદ્ર સરોવરથી શોધતાં શોધતાં તેઓ અંહી સુધી આ વૃક્ષો નજીક આવ્યા. આ વૃક્ષો પાસે ગોપીજનો અટકી ગયા અને પૂછ્યું હૈ, વૃક્ષરાજ, આપે શ્યામ સુંદરને જોયા છે ? અહીં થઈ ને તેઓ પધાર્યા છે ? સાથે કોઈ સખી હતી ? જે વૃક્ષે હા કહી તે જાનવૃક્ષ અને જે વૃક્ષે ના કહી તે અજાનવૃક્ષ. ચોતરા ઉપર ચઢી આપણે પણ જાન અજાન વૃક્ષને દંડવત કરી આ પ્રશ્ન પૂછીએ કદાચ કયાંક જવાબ મળી જાય. આ વૃક્ષોની આપણે પરિક્રમ્મા કરી દંડવત કરી આગળ વધીએ.

હવે આપણે જાન-અજાન વૃક્ષની સામી બાજુએ ડાબા હાથે વળી જઈએ પરિક્રમ્માનો માર્ગ છોડીને પોણો કિ.મી. નું અંતર છે. ત્યાં બિલછુ કુંડ છે. બિલછુવન છે.

બિલછું કુંડ (વિલાસ કુંજ) :

આપણે ભગવદ્ નામ લેતા લેતા પોણા કિ.મી. નું અંતર ક્યારે કાપી નાખ્યું ખબર પણ ન પડી અને આપણે બિલછુકુંડ આવી પહોંચ્યા.

અહીં શ્રી રાધાજી સખીઓ સાથે જલક્રીડા કરતા હતા. ત્યારે શ્રી ઠાકોરજી સખીરૂપ લઈ પધાર્યા અને જળક્રીડા કરવા લાગ્યા. જળક્રીયા દરમ્યાન શ્રીરાધાજીનો ચરણારવિંદનો એક બિલછું (વીંછીયો) ખોવાઈ ગયો. સખીરૂપ શ્રી ઠાકોરીજીએ તે શોધી આપ્યો. એકની જગ્યાએ ખોબાઓ ભરી વીંછીયા કાઢ્યા પણ એકેય શ્રી રાધાજીને બંધ બેસતો ન આવ્યો, આમ શ્રી રાધાજી સમજી ગયા કે આ પ્રભુ છે. અહીં એમને રૈન (રાત) નિવાસ કર્યો. અહીં શ્રી ઠાકોરજી અને શ્રી રાધિકાજી એ રાત્રિ વિહાર કર્યો. અહીં બાજુમાં નાનકડી ટેકરી પર શ્રી બિલછું બિહારીજીનું મંદિર અને શ્રી સ્વામિનીજીના બેઠકજી છે. આપણે આ લીલાનું ચિંતન કરતાં કુંડમાં જળનું આચમન, કરી મસ્તકે ચઢાવીશું.

અહીં શ્યામતમાલનાં વૃક્ષ નીચે કૃષ્ણદાસ અધિકારીજી રહેતા હતા. અહીં તેમને શ્રીનાથજીના જે જે લીલાઓનાં દર્શન થતા તેમના તેઓ પદ રચતા. અહીં શ્રી ગિરિરાજજીનું પ્રથમ દ્વાર છે. અહીં આપણે દર્શન કરી દંડવત કરીએ.

અહીં શ્રીજી બાવા રોજ ગેંદચોગાન ખેલવા પધારતા. ત્યારે એક ચહુડો (ભંગી) સફાઇ કામ કરવા આવતો તેની સાથે શ્રીજી બાવા ખેલે અને વાતો કરે. એક દિવસ શ્રીજીબાવાએ એને કહ્યું તું મારા મંદિરે મારા દર્શન કરવા કેમ નથી આવતો ? આવજેને ચહુડો કહે, ‘‘મહારાજ મને કોણ પેસવા દે ? હું તો શુદ્રજાતિનો છું.’’ શ્રીજી બાવાએ શ્રીગુંસાઇજીને આજ્ઞા કરી ‘‘આ ચહુડાને મંદિરમાં આવવા દેજો.’’ શ્રીગુંસાઇજીએ વ્યવસ્થા કરી રાજભોગનાં દર્શન ખૂલે એ પહેલા એને એકલાને દર્શન કરાવતા. કારણ શ્રીજી બાવા ચહુડા સાથે વનની વાતો કરતા અને ચહુડો પણ શ્રીજીબાવાના દર્શન ન કરે તો અન્નજળ ન લેતો. નિજમંદિરમાં એક બારી હતી બિલછુકુંડ એ બારીમાંથી દેખાતો હતો. શ્રીજીબાવા એ બારીમાંથી ચહુડાને દર્શન આપતા હતા. કૃષ્ણદાસજી એ વખતે અધિકારીજી હતા તેમને આ વાતની ખબર પડી એટલે તેમને દર્શન બંધ કરાવી દીધા. અને બારી પૂરાવી દીધી. પછી શ્રી ગોકુલનાથજીના કહેવા પ્રમાણે શ્રીજીબાવાની આજ્ઞાથી બારીની ભીત પડાવી નાંખી, જેથી શ્રીજીબાવા બિલછુકુંડ જોઇ શકે. આ કુંડ ઉપર કૃષ્ણદાસ અધિકારીનું દ્વાર છે.

શ્રીગુંસાઇજીની સેવક રાણી રૂપમંજરી અકબર બાદશાહની રાણી

હતી. તે અહીં નંદદાસજીને મળી હતી રૂપમંજરીનો અહી મુકામ હતો. તેણે શ્રી ઠાકોરજીને રાજભોગ ધર્યો તે આરોગવા શ્રીનાથજી અહી સાક્ષાત પધાર્યા હતા. તેવા દર્શન નંદદાસજીને થયા હતા. રૂપમંજરીએ શ્રી ઠાકોરજીના વિરહમાં અહીં દેહ છોડયો હતો. પ્રાણ છોડયા પણ સ્વધર્મની વાત કરી નહી આવી માર્ગનિષ્ઠાનું પ્રભુ અહીં દાન કરો.

અહીં શ્રીજીબાવાએ એક બીજી લીલા કરી છે. શ્રીગુંસાઇજીને ત્યાં અન્યોરનો એક વ્રજવાસી બ્રાહ્મણ જલઘરાની સેવા કરે. એને નાનો દીકરો, મા વિનાનો અબુધભોળો બધા એની મશ્કરી કરે. પિતા સેવામાં હોય એટલે એકલો ત્યાં રમ્યાં કરે. શ્રીગુંસાઇજી એને સાથે હસીમજાકની વાતો કરી એને ખીલવે. એ રોજ જોયા કરે કે વૈષ્ણવો ગુંસાઇજી આવે છે. એમને શ્રીગુંસાઇજી ઠાકોરજી પધરાવી આપે છે વૈષ્ણવો પૂછે છે અમારા શ્રીઠાકોરજીનું નામ શું છે ? શ્રીગુંસાઇજી દરેકેને એમના ઠાકોરજીનું નામ કહે છે.

એક દિવસ આ ભોળા વ્રજવાસીને થયું કે શ્રીગુંસાઇજી બધાને ઠાકોરજી પધરાવી નામ પાડી આપે છે. તો મને તો કોઇ દિવસ કશું કહેતા નથી. એણે શ્રીગુંસાઇજીને પૂછયું, મહારાજ, મેરે ઠાકોરકો કહા નામ ? શ્રીગુંસાઇજી એ ઘ્યાન ન આપ્યું. વૈષ્ણવો સાથે વાત કરતા રહ્યા આ વ્રજવાસીને એમ કે શ્રી ગુંસાઇજી મારા મિત્ર છે. ગાદી પાસે જઇને આપના સાથળ ઉપર હાથ દબાવી, ચરણારવિંદ હલાવીને પૂછયું. ''મહારાજ મેરે ઠાકુર કો નામ બતાવો શ્રીગુંસાઇજીએ એને દૂર જવા આજ્ઞા કરી,'' પરે, પરે, એટલે આઘો રહે, આઘો રહે. પરંતુ આ બાળકે તો માની લીધુ કે મારા ઠાકુરનું નામ ''પરે'' અને તો શ્રીગુંસાઇજીનાં શબ્દોમાં ભરપૂર શ્રદ્ધા હતી. એને તો બધાને કહી દીધું કે મેરે ઠાકુર કો નામ પરે હૈ.

એતો ગયો ભંડારી પાસે અને એક એનું અને બીજાં એના પરે નું સીધુ માંગી લાવ્યો. આ છોકરો બે સીધા લઇ બિલછુકુંડ ઉપર પહાંચ્યો રોજ તો એ એમને એમ રસોઇ બનાવી લેતો આજે એને થયુ કે મારો પરે આરોગવાનો છે. દાળ અને બાટી બનાવીને પાતળ ધરી પરે ને બુમ પાડે છે. અરે ભૈયા પરે, તુ નહિ આયો તો યે દોનો પતલ કુંડ મેં ડાલ દેઉંગો ઔર યે બ્રાહ્મણ કા છોકરા ભુખે મર જાય તો પાપ તેરો.''

તરતજ શ્રીજીબાવા સાત વર્ષના વ્રજવાસીનું સ્વરૂપ લઈ ત્યાં પ્રગટ થયા. બંને સાથે બેઠા. હસીમજાક કરતાં કરતાં આરોગ્યા રોજ શ્રીજીબાવા પરે બનીને આ વ્રજવાસીની દાળબાટી આરોગવા બિલછુકુંડ ઉપર પધારતા એ આ સ્થળ છે.

ઉધ્ધવ કુંડ :

‘‘રાધે રાધે શ્યામ મીલા દે’’ સ્મરણ કરતાં કરતાં લો આ ગોવર્ધન ગામ આવી ગયું. અહીથી એક રસ્તો ડાબે હાથે જાય છે. એ રસ્તો નવકોશી પરિક્રમ્માનો છે આપણે એ રસ્તે રાધાકુંડ જવાનું છે. રસ્તે જતાં પહેલા ઉધ્ધવકુંડ આવે છે. અને પછી રાધાકુંડ આવે છે. આ ઉધ્ધવકુંડ લાલ પથ્થરોથી બાંધેલો છે. અહીં ઉધ્ધવ નારાયણ ભગવાનનું મંદિર છે. ઉધ્ધવજીનું મંદિર છે. ઉધ્ધવજી અહીં બિરાજે છે. એમ કહેવાય છે કે ભગવાનના પ્રપૌત્ર વ્રજનાભજી ભગવાનનાં નિત્યલીલા પ્રવેશ બાદ ભગવાનના સોળહજાર રાણીઓને ભગવાને મથુરાથી વ્રજગોપિકાઓનાં વિરહને દૂર કરવા માટે વ્રજમાં મોકલ્યા હતા. અને ગોપીકાઓને જ્ઞાન અને યોગનો ઉપદેશ આપવા આવ્યા હતા. પરંતુ ગોપીઓની પ્રેમલક્ષણ ભક્તિથી ઉધ્ધવજીનું અભિમાન ઉતરી ગયું અને ઉધ્ધવજીએ ગોપીજનોની ચરણરજ માથે ચડાવીને વિનંતી કરતા કહ્યું, કે હવે પછી મારો બીજો જન્મ જ્યાં તમારી ચરણની રજ સદા બિરાજમાન છે. એવા આ ગુલમહોર, લતા, વેલ, ઔષધિ એટલે કે હું સદા વ્રજમાં રહું અને આપનાં ચરણીની રજ સદા મારા પર ઉડતી રહે એવું માંગ્યું. આજે પણ ઉધ્ધવજી વનસ્પતિ રૂપે સદા વ્રજમાં બિરાજે છે. ચાલો, આપણે પણ આ કુંડમાં પાન કરીએ અને અહીં બેસી ઉદ્ધવગીત અને ભ્રમરગીતનું સ્મરણ કરી એ લીલાનું ચિંતન કરીએ હવે. આપણે ભગવદ્ નામ લેતા લેતા આગળ રાધાકુંડ તરફ જઈશું.

રાધાકૃષ્ણ કુંડ :–

આ ગામનું નામ રાધાકુંડ છે. અહીં બે કુંડ એકબીજાને અડીઅડીને આવેલા છે. રાધાકુંડ લાંબો અને લંબચોરસ છે. કૃષ્ણકુંડ વાંકોચુકો છે. આ બંને કુંડની આજુબાજુએ શ્રીસ્વામિનીજીની અષ્ટસખીઓ ચંદ્રભાગા, ચંપકલતા,

ચંદ્રાવલી, લલિતાા,વિશાખા, બહુલા, સંધ્યાવલી અને ચિત્રાનાં આઠ કુંડો છે. અને મંદિરો આવેલા છે. આજે આ બધા કુંડો લુપ્ત થઇ ગયા છે. ફક્ત લલિતા કુંડ છે.

જ્યારે પ્રભુ એ બળદ સ્વરૂપે આવેલા અસિષ્ટાસુર નામનાં રાક્ષસનો સંહાર કર્યો ત્યારે ગોપીઓએ કહ્યું મહારાજ, તમે ગૌ વંશનોસહાર કર્યો હોવાથી તને પાપ લાગ્યું છે. તેના નિવારણ માટે તમારે તીર્થસ્નાન કરવું જોઇએ ત્યારે આપશ્રીએ પોતાની બંસીથી એક કુંડ બનાવ્યો તેનું નામ કૃષ્ણકુંડ. ત્યારે રાધિકાજી હસ્યા, કહે પ્રભુ, ''આપભી બાંકે બિહારી ઔર કુડ ભી બાંકા'' ત્યારે શ્રીઠાકોરજીએ રાધાજીને કહ્યું. ''આપ સુધે હો તો બનાઇએ સુધાકુંડ'' (સુધા એટલે સીધો) શ્રીરાધિકજીએ અંગુઠાના નખથી કુંડ ખોદ્યો. અને વિશાળ સમચોરસ કુંડ બન્યો તેનું નામ રાધાકુંડ.

આ બંને કુંડ ઉપરથી જુદા જુદા દેખાય છે. પણ ભીતરથી તેમનું જલ એક જ છે. વચ્ચે દિવાલ નથી જેમ બહારથી વપુ દો, શ્રી ઠાકોરજી જુદા અને શ્રીસ્વામિનીજી જુદા પણ ''પ્રાણએક'' તેમ ભીતરથી તો બંને એક જ છે. અંદર રત્ન જડિત સુંદર નિકુંજ છે. એમાં યુગલસ્વરૂપે બિરાજે છે.

શ્રી ઠાકોરજીએ આ કુંડોમાં પોતાના અલૌકિક સામર્થ્યથી એકસો આઠ તીર્થોને બોલાવી તેમાં વાસ કરાવ્યો. પછી આપે તેના જળમાં સ્નાન કર્યું. આ સ્તાન આસો વદ આઠમની મધ્યરાત્રિએ થયું તેથી આ દિવસે એમાં સ્નાન કરવાથી ભારતના સર્વતિર્થોમાં એક સામટુ સ્નાન કર્યાનું ફળ મળે છે. આજે પણ વ્રજવાસીઓ તે દિવસે તેમાં સ્નાન કરે છે.

અહીં અષ્ટસખીઓમાંની એક સખી શ્રીલલિતાજી છે. તેમનો લલિતાકુંડ. ત્યાં શ્યામતલાનું વૃક્ષ છે. તેના ં વડમાં કોમળ શ્યામ રંગની ગાંઠો છે. તે શાલિગ્રામ સ્વરૂપે દેખાય છે. ત્યાંથી થોડેક આગળ પાંચ પાંડવ અને નારાયણ ના વૃક્ષો છે.

આ કુંડના કિનારે શ્રી મહાપ્રભુજી છોકરનાં વૃક્ષ નીચે બીરાજી રાધાકુંડ, કૃષ્ણકુંડમાં સ્નાન કર્યું હતું અને અહીં બિરાજીને શ્રીમદ્ ભાગવતનું એક માસ પર્યંત પારાયણ કર્યું હતું. એક દિવસ આપશ્રી પ્રાતઃકાલમાં અહીં બિરાજ્યા

ત્યારે શ્રી ગિરિરાજજીનાં શિખર ઉપર શ્રીનાથજી શ્રી સ્વામિનીજી સાથે પધાર્યા તેમનાં દર્શન કરીને આપશ્રી પણ શ્રીનાથજી પાસે પધાર્યા. જ્યારે આપશ્રીના અંતરંગ સેવકોને આપના દર્શન ન થયા ત્યારે મુર્છિત થઇ ગયા જ્યારે ત્રીજા દિવસે આપ પાછા પધાર્યા ત્યારે મુર્છિત થયેલા વૈષ્ણવો ઉપર પોતાના કમંડલનું જલ છાંટીને સૌને સાવધાન કર્યા પોતે શ્રીયુગલસ્વરૂપ પાસે પધાર્યા તે હકીકત કહી આથી વૈષ્ણવોએ વિનંતી કરી કે કૃપાનાથ અમને પણ આ યુગલ સ્વરૂપનાં દર્શન કરાવો ત્યારે આપશ્રીએ તેઓને શ્રી ગિરિરાજજીનાં શિખર ઉપર બિરાજતા શ્રીયુગલ સ્વરૂપના દર્શન કરાવેલા. અહીં એક માસ પર્યંત રોજ સંધ્યાવંદનની બેઠકમાં બિરાજી આપ ત્રિકાળસંધ્યા કરતા હતા.

શ્રી ગુંસાઈજી વ્રજયાત્રા કરતા અહીં પધાર્યા ત્યારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનાં બાજુમાં કુંડ ઉપર બિરાજ્યા હતા. તે વખતે શ્રી કૃષ્ણ ચૈતન્યનાં ગૌડિયા સેવક શ્રી ગુંસાઈજીની ખ્યાતિ સાંભળી તેમને મળવા આવ્યા, એમણે શ્રીગુંસાઈજીને પૂછ્યું કે અમારા સંપ્રદાયમાં અમે શ્રી રાધિકાજીને પરકીયા સ્વરૂપે માનીએ છીએ. તમે કયા સ્વરૂપે માનો છો ? ત્યારે શ્રી ગુંસાઈજીએ કહ્યું અમે તો સ્વકીયા સ્વરૂપે માનીએ છીએ, તો પેલા વૈષ્ણવે કહ્યું એનું પ્રમાણ શું ? સ્વકીયા એટલે જેમની સાથે લગ્ન ન થયું હોય પણ શ્રીઠાકોરજી એમને પ્રિયતમા માનતા હોય તે. શ્રી ગુંસાઈજીએ કહ્યું, અમારા શ્રી રાધિકાજી સ્વકીયા છે. આપણે શ્રી રાધિકાજીને જ પૂછીએ. શ્રીગુંસાઈજીએ એક કોરો કાગળ રાધાકુંડનાં જળ ઉપર પધરાવ્યો. આમતો કાગળ જળમં તરે પરંતુ આ કાગળ તો જળની અંદર ઉતરી ગયો. જળની ભીતર રત્નજડિત નિકુંજમાં શ્રીસ્વામિનીજી બિરાજે છે. તેમણે તે કાગળ ઉપર પોતે શ્રી ઠાકોરજીના સ્વકીયા સ્વામિની છે એવું શ્રી હસ્તથી લખીને, કાગળ ઉપર મોકલ્યો તે કાગળ શ્રીગુંસાઈજીએ પેલા ગૌડિય વૈષ્ણવને વંચાવ્યો, આ લીલા આ કુંડ ઉપર થઈ હતી.

શ્રીગુંસાઈજીનાં ચર્તુથલાલ શ્રી ગોકુલનાથજી અહીં પધાર્યા હતા. ત્યારે તેમની સાથે તેમનાં કૃપાપાત્ર સેવક કલ્યાણભટ્ટ પણ હતા. આપશ્રીએ અહીં શ્રી ભાગવત પારાયણ કર્યું હતું. શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી નિત્ય આ કુંડની ભીતરમાં શ્રી રાધિકાજીના રત્ન જડિત મહેલમાં રમણ કરે છે.

શ્રી ગુંસાઈજીનાં એક સેવક બ્રહ્મદાસ જેઓ ગોપાલ પૂરમાં રહેતા. વિરકત હતા તેથી વ્રજમાં ફરતા અને માનસી સેવા કરતા, એક વખત તેઓ રાધાકુંડ આવ્યાં. ત્યાં એક ગૌડિય સંપ્રદાયના બંગાળી વૈષ્ણવ રહેતા હતા. તે બ્રહ્મદાસના મિત્ર હતા. તેઓ હંમેશા માનસી સેવા કરતા અને માનસીમાં જ દૂધ પીને રહેતા હતા. થોડા દિવસ પછી તેમને દૂધ પીવાનું છોડી દીધું અને છાશ પીને રહેવા લાગ્યા. એક દિવસ આ બંગાળી વૈષ્ણવે માનસીમાં તેમનાં શ્રીઠાકોરજીને દૂધનો ભોગ ધર્યો અને પ્રસાદી દૂધ માનસીમાં લીધુ. રોજની જેમ છાશ લેવાનો વખત થયો ત્યારે તેના શિષ્યે છાશ આપી તેણે છાશ લેવાની ના પાડી ત્યારે એણે પરાણે પીવડાવી. માનસીમાં દૂધ પીધું હતું. એટલે દૂધ ઉપર છાશના પીવાય. પરંતુ શિષ્યને ખબર ન હતી. તેથી પેલા બંગાળી વૈષ્ણવને તાવ આવ્યો. બ્રહ્મદાસ ખબર પૂછવા આવ્યા. તેઓ નાડી પરીક્ષા જાણતા હતા. એટલે નાડી જોઈ એમણે કહ્યું કે તમે દૂધ ઉપર છાશ પીધી છે તેથી તાવ આવ્યો. ત્યારે પેલા બંગાળી વૈષ્ણવના શિષ્યે કહ્યું, એમણે દૂધ પીધુ જ નથી મેં તો એમને છાશ પીવડાવી હતી. ત્યારે બંગાળી વૈષ્ણવે કહ્યું તને શી ખબર જે ઘરનું મેં દુધ પીધુ તે ઘરમાં આ વૈષ્ણવ રહે છે. મેં પીધુ ત્યારે તેઓ ઘરમાં હતા. આ પ્રસંગ રાધાકુંડ ઉપરનો છે. આપણે પણ પ્રભુને વિનંતી કરી એ કે પ્રભુ આવું માનસી સેવાનું દાન ક્યારે કરશો?

એક વખત શ્રી ઠાકોરજી ખેલતાં ખેલતાં અહીં સખાઓ સાથે પધાર્યા ત્યારે સખા-સખીઓમાં વાદ થયો. સખા કહે અમારા શ્રી ઠાકોરજી સુંદર છે. સખીઓ કહે અમારા શ્રીસ્વામિનીજી સુંદર છે. એટલે એવું નક્કી કર્યું કે દર્પણમાં જોઈને નક્કી કરીએ પણ ત્યાં દર્પણ હતું નહિ એટલે શ્રી ઠાકોરજીએ પોતાની વેણુથી અને શ્રીરાધિકાજીએ પોતાના નખથી અલગ-અલગ કુંડ ખોદયા. બંને જલથી ભરાઈ ગયા. તેમાં બંનેનાં પ્રતિબિંબ સૌએ જોયા તો બંને એક સરખા જ લાગ્યા આથી સખા-સખીઓની વિનંતીથી આ સ્થાનમાં યુગલ સ્વરૂપ સદા રમણ કરે છે.

શ્રીકૃષ્ણનાં સમયમાં શ્રીગિરિરાજજી અહીં સુધી (રાધાકુંડ સુધી) બિરાજતા હતા. પરંતુ આજે શ્રી ગિરિરાજજી અહીંથી લોપ થયા છે. આ બધા બેઠકજીએ દંડવત કરી હવે અહીંથી આપણે કુસુમ સરોવર જઈશું.

કુસુમ સરોવર :

‘‘ગિરિરાજધારણ શ્રીજી તુમારે શરણ’’, નું સ્મરણ કરતાં કરતાં લો, કુસુમ સરોવરતો આવી ગયું. તેની બાંધણી ભવ્ય છે. ખૂબ જ સુંદર સરોવર છે. ભગવાનનાં પ્રપૌત્ર શ્રી વ્રજભાનજી અને ભગવાનની સોળ હજાર રાણીઓ અહીં ઉધ્ધવજીને મળ્યાં ત્યારે સૌ એક માસ સુધી અહીં રોકાયા હતા. ત્યારે નારદજી પણ અહીં પધાર્યા હતા. સૌએ સાથે મળીને એક માસ સુધી અહીં કીર્તન મહોત્સવ કર્યો હતો.

સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણે આદિ વૃંદાવનમાં શરદની રાતે રાસક્રીડાનો પ્રારંભ કર્યો હતો. ત્યારે ગોપીજનોને માન અને મદ થતાં શ્રી ઠાકોરજી નિરાભિમાની રહેલાં શ્રી રાધાસહચરીજીને સાથે લઈ રાસમાંથી અંતરધ્યાન થયા હતા. તેઓ શ્રી રાધા સહચરીજી સાથે આ સરોવરનાં કિનારે પધાર્યા હતા. અહીં બિરાજી તેમણે શ્રી રાધાજીના કેશમાં પુષ્પોની વેણી ગુંથી હતી. તેથી આ વનનું નામ કુસુમવન પડ્યું છે. અને સરોવર કુસુમ સરોવર કહેવાય છે. પ્રભુ આ સરોવરમાં નૌકા વિહાર કરતા હતા. અહીં શ્રી રાધાજીને અભિમાન થયું કે મને એકલીને લઈને શ્રી ઠાકોરજી પધાર્યા મારા સમાન બીજી કોઈ નથી. શ્રી ઠાકોરજી મનમાં કહે ‘‘હવે તુ ય મારા કામથી ગઈ, જેને અભિમાન આવે એને પ્રભુ કેવો દંડ આપે છે તે હવે જોઈએ. બંને સ્વરૂપ આગળ પધાર્યા. શ્રી રાધાસહચરીજીથી બોલાઈ ગયું, મહારાજ હવે હું થાકી ગઈ છું મારાથી ચલાતુ નથી. શ્રી ઠાકોરજી કહેઃ હવે શું કરીશું ? મને ખભા ઉપર તેડી લો ને શ્રી રાધાસહચરિજીએ શ્રી ઠાકોરજીને કહ્યું, ભલે એમા શું છે. ચાલો તેડી લઉ પ્રભુ એ રાધાસહચરીજીને ખભે બેસાડ્યા, કહે છે ‘‘તમે જરા પેલા વૃક્ષની ડાળી પકડી લો. બરોબર પકડાઈ જાય એટલે કહેજો હું આગળ ચાલીશ’’. રાધા સહચરીજી પૂછે છે બરાબર પકડી છે ને? કહે હા, હા, બરાબર પકડી છે? તરત જ પ્રભુ નીચેથી સરકી ગયા. શ્રી રાધાસહચરીજી બૂમો પાડે છે.

પ્રભુ કયાં છો ? કયાં ગયા ? મને એકલીને મૂકીને કેમ જતા રહ્યા ? પણ કોણ જવાબ આપે ? એમ કરી પ્રભુ અંતર ધ્યાન થઈ ગયા.

કુસુમવનને શ્રી યુગલ સ્વરૂપનાં શૃંગાર માટેનું ફૂલઘર પણ માનવામાં આવ્યું છે. અહીં શ્રી સ્વામિનીજી સખીઓ સાથે પુષ્પો વીણવાં પધારતાં ત્યારે શ્રીઠાકોરજી ત્યાં પધારી સખીઓને રોકતા અને કહેતા આ વન મારું છે તમે કોને પૂછીને ફૂલ ચુંટો છો ? ‘‘અરી તૂમ કૌન હોરિ વનમેં ફૂલવા બીનન હારી.’’ આ પદ સુરદાસજીએ ગાયું છે. અહીં સખીઓએ ફૂલ મંડળીનો મનોરથ કરી યુગલ સ્વરૂપને પ્રસન્ન કર્યા હતા. અહીંશ્રી ઠાકોરજીએ શ્રીસ્વામિનીજી ને પોતાનો શ્રી હસ્તે ફૂલોનાં શૃંગાર કર્યા હતા. આ વનમાં સાંઝી માટે ફૂલો વીણવાં આવેલાં શ્રી સ્વામિનીજી અને ભક્તો સાથે શ્રી ઠાકોરજીએ શ્રીસ્વામીનીજીને પોતાનો શ્રી હસ્તે ફૂલોનાં શૃંગાર કર્યા હતા. આ વનમાં સાંઝી માટે ફૂલો વીણવાં આવેલાં શ્રી સ્વામિનીજી અને ભક્તો સાથે શ્રી ઠાકોરજી મીઠી રકઝક કરેલી.

કુસુમ સરોવર પાસે નારાયણ સ્વામીની સમાધિ છે. તેમની પુત્રી રાસમાં શ્રી રાધાજી બનતી તેની સાથે પ્રભુ રાસ કરતાં.

ઉદ્ધવજી એ આ કુસુમ સરોવરમાં સ્નાન કર્યુ હતું. ત્યારે જળમાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થયા હતા. તેઓ જળની બહાર આવ્યા તેમની નજર કમળ પર ગઈ સરોવરમાં ઉગેલા બધા કમળો તેમની ગોપીઓ રૂપ દેખાયા તેની ઉપર ભ્રમર રૂપે શ્રીકૃષ્ણનાં દર્શન થયાં.

અહીં શ્રી મહાપ્રભુજીએ ઉદ્ધવજીને શ્રી ભાગવતનાં દશમ સ્કંધના ભ્રમર ગીતનાં સુબોધિનીજીનાં એક પદનો અર્થ બાર પ્રહર સુધી સંભળાવ્યો હતો.

ઉદ્ધવજીએ વ્રજભાનજીને અને ભગવાનનાં એક હજાર રાણીઓને આ સ્થાનમાં છ મહિના સુધી શ્રીમદ ભાગવતની કથા સંભળાવી તે સમયે નારદજી પણ અહીં આવ્યા છે. કથા સાંભળતા આનંદ વિભોર થઈને નારદજીએ અહીં નૃત્ય કર્યું છે. પછી તો નારદજી સદાય વ્રજમાં રહી ગયા. નારદજીનું સ્થાન એટલે ત્યાં જ સામે આવેલો નારદકુંડ.

નારદકુંડ :

અહીં નારદજીએ સ્નાન કરી મધ્યાન્હ સંધ્યા કરી ત્યારે વૃંદાદેવીએ તેમને દર્શન આપ્યા. નારદજીતો કૃષ્ણલીલાનાં દર્શન કરવા ઉત્સુક હતા. આથી માધવી સખીએ નારદજીને સરોવરનાં વાયવ્ય ખૂણામાં સ્નાન કરાવ્યું. સ્નાન કરતાં જ નારદજી સ્ત્રી રૂપ થઇ ગયા. શ્રીઠકોરજી વ્રજભક્તો સાથે નિગૂઢ નિકુંજલીલા કરતા હતા તેનાં દર્શન કરાવી પાછા સરોવર ઉપર લઇ આવ્યા. સરોવરનાં અગ્નિ ખૂણામાં સ્નાન કરાવ્યું. એટલે નારદજી પાછાં સ્ત્રી મટી ફરી પુરુષ થયા.

દોણા કદમ :

કુસુમવનમાં કંદબનાં એવા વૃક્ષ છે. જેનાં પાન પડીયાના આકારના છે. તેને દોણા કદમ કહે છે. આ વૃક્ષો શ્રીઠાકોરજી અને સખાઓને છાકલીલા વખતે દૂધ—દહી આરોગવા દાણા રૂપે તેમનાં પાન આપીને શ્રીઠાકોરજી સેવા કરે છે. અહીં ગૌચરણ લીલા પણ થયેલી છે.

કિલ્લોલ કુંડ :

હવે આપણે આગળ જઇશું ગોવર્ધન ગામ. કુસુમ સરોવરથી ગોવર્ધન ગામ જતાં પરિક્રમ્માનાં માર્ગથી ડાબે હાથે થોડે દૂર જતાં કિલ્લોલ કુંડ છે. કિલ્લોલ બિહારીનું મંદિર છે. આ કુંડ લાલ રંગના પાકા પથ્થરોનો બનેલો છે. કુંડ પાસે રાસ ચોતરો છે. અહીં ભગવાને ગોપીજનો સાથે રાસ વિલાસ કરી ઘણો કિલ્લોલ કર્યો હતો. તેથી આ કુંડનું નામ કિલ્લોલ કુંડ પડયું છે. અહીં નિંબાકાચાર્યનું મંદિર છે. અને સમાધિ છે. આ સંપ્રદાયના વૈષ્ણવો અહીં રહે છે. ચંદ્રાવલીજીનું સાસરું સખતરા ગામ બાજુમાં રહી જાય છે. અહીંથી આપણે કિલ્લોલ કુંડને વંદન કરી લઇશું અહીંથી ભગવદ્ નામ લેતાં લેતાં આપણે ગ્વાલપોખરા તરફ આગળ જઇએ.

ગ્વાલ પોખરા :

પોખરા એટલે તળાવ. આ તળાવ ગ્વાલબાલોએ પોતાની બંસીથી બનાવ્યું હતું એમ કહેવાય છે. શ્રી ઠાકોરજીને ગાયો અહી જળ પીવા આવતી. અહીં શ્રી ઠાકોરજીને બિરાજવા માટે રત્ન સિંહાસન છે. શ્રી ઠાકોરજી જયારે પહેલવહેલાં કાળી કામળી ઓઢી હસ્તમાં લાલ લકુટી લઈ, વાછંરડા ચરાવવા માટે ગ્વાલબાલ સાથે નીકળ્યાં ત્યારે નંદરાયજી એ શ્રી ગિરિરાજજીને સ્તુતિ કરેલી કે, હે દેવ, આ બાળકનું તમે રક્ષાણ કરજો. તેઓ શ્રી કૃષ્ણને શોધતાં શોધતાં અહીં આવેલા ત્યારે તેમણે જોયું કે શ્રી ગિરિરાજજીએ પોતાનાં શ્રી અંગ ઉપર રત્નજડિત સિંહાસન બનાવી તેના ઉપર ઠાકોરજીને પધરાવ્યાં છે. ગ્વાલબાલ શ્રીઠાકોરજીની સંભાળ રાખે છે. વાછંરડાં આજુબાજુ ચરી રહ્યા છે. સખાઓએ શ્રીઠાકોરજીને કહ્યું, લાલા તમે, રત્નજડિત સિંહાસન પર બેસોતો અમે શા માટે નીચે બેસીએ ? આથી શ્રી ઠાકોરજીએ ગિરિરાજને આજ્ઞા કરી અહીં બધા સખા માટે તમે અનેક સિંહાસન સ્વરૂપ ધારણ કરો. આથી શ્રી ગિરિરાજજી ત્યાં અનેક સિંહાસન સ્વરૂપે બિરાજે છે. આપણે પણ વિનંતી કરીએ કે ''રત્નજડિત ગિરિરાજજી'' એવાં અલૌકિક સ્વરૂપે આપના દર્શન કૃપા કરીને અમને આપો.

ગ્વાલપોખરા પાસે શ્રીઠાકોરજી સખાઓ સાથે છાક આરોગ્યા હતા. અને ગ્વાલપોખરાનાં જળમાં હાથ—મોં ધોયા હતા. ત્યાં શ્રી ચૈતન્ય સંપ્રદાયના વૈષ્ણવો રહે છે. ગ્વાલપોખરાને આપણે અહીંથી વંદન કરી આગળ ગોવર્ધન ગામ તરફ જઈશું. આપણે માનસી ગંગા પહોંચવાનું છે. ચાલો, ભગવદ્ નામ લેતા આગળ જઈએ ''માનસીગંગા શ્રી હરદેવ, ગિરિવરકા પરકમ્મા દેવ'' કુંડ કુંડ ચરણામૃત લે. આપનો જન્મ સફળ કરી લે.''

ગોવર્ધન ગામ—માનસી ગંગા :

ભગવદ્નામ લેતાં લેતાં ચાલો આપણે ગોવર્ધન ગામ આવી પહોંચ્યા. શ્રી ગિરિરાજજીની તળેટીમાં આ ગામ આવેલું છે. અહીં માનસી ગંગા આવેલા છે.

પ્રભુએ જ્યોર વત્સાસુર રાક્ષસને માર્યો ત્યારે તે રાક્ષસ વાછરડાનું રૂપ લઇને આવ્યો હતો. તેને હણવાથી ગ્વાલબાલોએ પ્રભુને કહ્યું. તમે ગૌ વંશની હત્યા કરી હોવાથી ખૂબ મોટું પાપ કર્યું છે. ગૌ હત્યાનાં પાપનું નિવારણ માત્ર ગંગાસ્નાનથી જ થઇ શકે. તેથી પ્રભુએ ગંગાજી સુધી દૂર જવાને બદલે પોતાના મનમાંથી ત્યાં જ શ્રી ગંગાજીને પ્રગટ કર્યા. તેથી તે માનસીગંગા કહેવાયા. તેમાં પ્રભુએ સ્નાન કર્યું હોવાથી માનસીગંગા ખૂબ પવિત્ર ગણાય છે. તેની ત્રણે બાજુ એ સુંદર ઘાટ આવેલા છે. અને ચોથી બાજુએ શ્રી ગિરિરાજજી બિરાજે છે. ચાલો, આપણે પણ ડૂબકી મારી દેહ પવિત્ર કરી લઇએ. બહુ રમણીય અલૌકિક સ્થાન છે. ત્યાં પીપળાના વૃક્ષ નીચે નંદદાસજીનું દ્વાર છે. આપણે પણ નંદદાસજીને દંડવત કરીએ.

આ માનસીગંગાના ચક્રતીર્થના ઘાટ ઉપર એક છોકરનાં વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા અને શ્રી ભાગવતનું પારાયણ કર્યું હતું. તેથી આ ઘાટને વલ્લભઘાટ પણ કહે છે. બાજુમાં ચકલેશ્વર મહાદેવ છે. શ્રી મહાપ્રભુજી અહીં ભાગવતની કથા કરતા ત્યારે મહાદેવજી રોજ સાંભળવા પધારતા. મહાદેવજી એમના એક સેવકને રોજ દર્શન આપતા. સાત દિવસ દર્શન ન થયા ત્યારે તે સેવકે પૂછયું. પ્રભુ આટલા દિવસ કયાં હતા ? ત્યારે મહાદેવજીએ કહ્યું ''સાત દિવસથી શ્રીવલ્લભની કથા સાંભળવા જતો હતો.''

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં જ શ્રી કૃષ્ણ ચૈતન્યનું મંદિર છે. તે બંગાળના વૈષ્ણવ હતા. અહીં શ્રી મહાપ્રભુજી સાથે તેમનો મેળાપ થયો હતો. તેમણે શ્રી વલ્લભને કહ્યું., કે હું એક વર્ષથી અહીં રહું છું શાસ્ત્ર એમ કહે છે, કે જે છ મહિના સુધી માનસી ગંગામાં રોજ સ્નાન કરે તેને દૂધમય માનસી ગંગાના દર્શન થાય. પણ મને હજી દર્શન થયા નથી. શ્રી મહાપ્રભુજીએ એમની અને ત્યાં ઉપસ્થિત સર્વે વૈષ્ણવોની આંખો ઉપર પોતાના કમંડળથી જળ છાંટયું અને સૌને દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થઇ અને સર્વે એ આધિદૈવિક દૂધમય માનસી ગંગાના દર્શન કર્યા.

એકવાર કૃષ્ણ ચૈતન્યે શ્રીમહાપ્રભુજીને કહ્યું કે આ કળિયુગમાં ભાવથી પ્રભુનું એક વખત નામ લેવાય તો ઉદ્ધાર થઇ જાય. ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે, આ કલિકાલમાં ગાયનાં શિંગડા ઉપર રાઇનો દાણો ટકે એટલીવાર પણ જો ભગવત નામ ચુકાય તો આસૂરાવેશ આવી જાય. દુઃસંગ પણ લાગી જાય. આ પ્રસંગ અહીં જ બન્યો હતો.

અહીં માનસીગંગાના કિનારે શ્રી હરિદેવજીનું પ્રાચીન મંદિર આવેલું છે જે ભગવાનના પ્રપૌત્ર વ્રજનાથજીએ બંધાવી તેમાં આ મુર્તિની સ્થાપના કરી હતી. આસો વદ અમાસના દિવસે અહીં મેળો ભરાય છે. અને જળમાં ઘીનાં દીવા મૂકે છે. તેને દીપદાન કહેવાય છે. દિવાળીની મધ્યરાત્રિએ માનસીગંગામાં સ્નાન કરી શ્રી ગિરિરાજજીની પરિક્રમ્મા કરવાનો ભારે મહિમા છે.

માનસી ગંગાના બ્રહ્મકુંડ ઉપર એક ઉંચી ટેકરી જેવા સ્થાને મનસાદેવીનું મંદિર છે. અહીં ઘણા કુંડો છે. નિવર્તક કુંડ, પાપમોચન કુંડ, રણમોચન કુંડ, ગોરોચન કુંડ, ધર્મકુંડ વગેરેમાં પાન કરી આવીએ.

શ્રી મહાપ્રભુજીનાં એક સેવક અચ્યુદાસ અહીં ચક્રતીર્થ પર રહેતા હતા તેઓ દરરોજ શૃંગાર સમયે શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના દર્શન કરવા જતા દર્શન કરી પોતાના મુકામે આવી શ્રીગિરિરાજજીની દંડવતી પરિક્રમ્મા ત્રણવખત કરતા ચાલો, આપણે માનસી ગંગાના દર્શન કરી ભગવદ્નામ લેતા આગળ દાનઘાટી તરફ જઇશું.

દાનઘાટી :

દાનઘાટી આપણે આવી પહોંચ્યા છીએ. અહીં શ્રી ગિરિરાજનું બહુ મોટુ મંદિર છે. તે શ્રી ગિરિરાજજીના મુખારવિંદ તરીકે પ્રસિદ્ધ છે. અહીં દાનબિહારીજી બિરાજે છે. ચાલો, દર્શન કરી લઇએ.

મથુરાથી ગોવર્ધન ગામમાં આવતી સડક ઉપર દાનઘાટી છે. ગોવર્ધનથી રાધાકુંડ થઇને કુસુમ સરોવર આવ્યાં ત્યાં સુધી શ્રીગિરિરાજબાવાનાં દર્શન નહોતા થયા. શ્રીગિરિરાજજી લુપ્ત થઇ ગયેલા હતા. કુસુમ સરોવરથી ફરી પ્રારંભ થયો છે. અહીં દાનઘાટીમાં પૂરા શ્રીગિરિરાજબાવાનાં દર્શન થાય છે.

જમણા હાથે ઉંચા ઉંચા શ્રીગિરિરાજજી બિરાજે છે. તળેટીમાં વૃક્ષોની રમણીય નિકુંજો છે. ડાબે હાથે વૃક્ષોની હારમાળા છે. વચ્ચેથી સુંદર સાંકડો રસ્તો પસાર થાય છે. ઘાટી એટલે રસ્તો, અહીં શ્રીઠાકોરજીએ દાનનાં દિવસોમાં દાની બિરાહીજી બનીને ગોપીજનો પાસેથી દાન લીધા છે. લાલ સૂથન છે.

કોયલી અને લાલ રંગની કાછની છે. લાંબી બાયોની લાલ રંગની ચોળી પહેરી નેત્રો નચાવતા ગોપીજનો ની વાટ જોતા ઠાડા છે. બાજુમાં બલદાઉજી છે. સુબલ, તોક, શ્રીદામા, અર્જુન આદિ સખાની મંડળી ઉભી છે. જાઓ, સખા દોડો આ બધી ગોપીઓ અને શ્રીરાધિકાજી આવી રહ્યા છે. તેમને રોકી લો, આજે એક પણ ગોપી છટકી જવી ન જોઇએ. અહીં કુંભનદાસજીનું પદ ‘‘દાન દેહો ગુજરેટી હમારો’’નો ભાવ સમજવો.

આ દાનલીલા દાનઘાટીમાં થઇ, દાનનાં દિવસોમાં શ્રી ઠાકોરજી આપણે જુએ છે, જુઓ ધીરે ધીરે નીચે પધારી રહ્યા છે. હમણાં આવીને આપણ ને પાલવ પકડશે અને દાન માંગશે હો, બોલ સખી દાનમેં ક્યા દેગી ? નક્કી કરી રાખજો શું આપવું છે? અરે એ માંગે એ દિવસ આપણા માટે ક્યાંથી ? તન, મન, ધન સર્વસ્વ ન્યોછાવર કરી દઇએ. આ દિવસોમાં શ્રી ઠાકોરજીને રંચક ગોરસની કટોરી ધરીને કહેવું જોઇએ. હે, પ્રભુદાનના આ દિવસોમાં તો કંઇક માંગી લો, પછી જુઓ, અમારી ભક્તની ખુમારી, અમારૂ સર્વસ્વ તમને ન્યોછાવર કરી દઇએ છીએ કે નહીં. ? એકવાર પ્રભુ અમારી કસોટીતો કરી જુઓ.

એકવાર શ્રીગુંસાઇજીના સેવક રાજા આશકરણજી વિરકત સ્થિતિમાં વ્રજમાં ફરતા હતા તેમને વ્યસન અવસ્થા સિદ્ધ થઇ હતી તેથી તેઓ જ્યાં જતા ત્યાં તેમને શ્રીઠાકોરજીનાં તે સ્થળની લીલાના દર્શન થતા એક દિવસ આશકરણજીએ દાનઘાટી ઉપર શ્રીઠાકોરજીને કામળ ઓઢીને તથા લાકડી લઇને સખા મંડળી સાથે ઉભેલા જોયા. શ્રીઠાકોરજી દહીં વેચવા જતા ગોપીજનોને રોકતા હતા. અને દહીંનું દાન માંગતા હતા. ગોપીજનો તે આપવાની મીઠી આનાકાની કરતા હતા. અહીં કુંભનદાસજીનું પદ ‘‘લે ગયો રી, લે ગયો રી, મેરી ભરી મટુકીયા લે ગયો રી’’ નો ભાવ સમજવો.

શ્રી ઠાકોરજી ઘણીવાર દાનઘાટીમાં ગાયો ચરાવવા ગ્યાલબાલ સાથે પધારતા એક દિવસ બપોરે શ્રી યશોદાજીએ ગોકુલથી ગોપીઓને કાવડો ભરીને છાક લઇને મોકલી તે અહીં આવી. શ્રીઠાકોરજીએ તેમને રોકી રાખી અને કહ્યું, ‘‘તમે શ્રી નંદરાયજીના સમ ખાઇને કહો કે અમે ઘેરથી જમીને આવ્યા છીએ.

નહી તો અમારી સાથે જમવા બેસવું પડશે. ત્યારે ગોપીઓએ સમ ખાધા. એટલે શ્રીઠાકોરજીએ કહ્યું, ભલે અમારી સાજે ભોજન ન કરો. પણ આરી સાથે બેસી દરેક સામગ્રી એક એક વખત ચાખવી તો પડશે જ. શ્રીપ્રભુ ગોપીઓને જમાડી આનંદ લેવા અને આપવા આવો આગ્રહ કરતા. તેમણે સો ગોપોઓને વર્તુળાકારે બેસાડયા પોતે શ્રી હસ્તમાં સોનાના સામગ્રી ભરેલાં વાસણ લીધા અને પીરસવા લાગ્યા. હસીહસીને સૌની સામે જોતાં જોતાં મેવા મીઠાઈ વહેંચવા લાગ્યા. બીજુ પીરસવાનું સખાઓને સોંપી પોતે ભોજન કરવા બિરાજયા. આવા શ્રીપ્રભુ પરમાનંદ સ્વરૂપ છે. ‘‘મીઠો મદન ગોપાલ આજ દધિ મીઠો મદન ગોપાલ’’ પરમાનંદ દાસજીને આ લીલાનાં દર્શન થયા હતા.

શ્રીદાનીરાયજી પ્રભુને દંડવત કરીએ, દાનઘાટીમાં થી વ્રજભક્તોની ચરણરજ માથે ચડાવીએ. પ્રભુએ આરોગેલા દહીંના છીંટાઓ કયાંક કયાંક હોય તો એમાંથી એ દહીંરૂપી પ્રભુનું અઘરામૃત લઈએ. હવે, ચાલો હવે આપણે ચંદ્ર સરોવર પ્રભુનું સ્મરણ કરતાં કરતાં આગળ વધીએ.

ચંદ્ર સરોવર ઃ

પ્રભુનું નામ લેતાં લેતાં આપણે આ સુંદર સરોવર પાસે આવી ગયા. અષ્ટ કમલનાં આકારનું સફેદ પથ્થરોથી બંધાયેલું ચંદ્રસરોવર કેવું શોભી રહ્યું છે. એની એક બાજુએ રાસ ચોતરો છે. કુંડ ઉપર શ્રી ચંદ્રબિહારીજી અને દાઉજીના મંદિર છે. તેના પૂર્વકિનારે કુંભનદાસજીની બેઠક છે. બાજુમાં ચર્તુભુજદાસજીની અને પશ્ચિમ કિનારે સુરદાસજીની બેઠક છે. આજ આદિ વૃંદાવન છે. પ્રભુએ અહીં છ માસ ની રાત્રિ કરીને રાસ કર્યો હતો. સરોવરનાં જળનું પાન કરીએ, માર્જન કરીએ.

ભગવાનના મનમાંથી જન્મેલાં દિવ્ય ચંદ્રના કિરણો આ સરોવર ઉપર પડવાથી તેનું નામ ચંદ્રસરોવર પડયું છે. આ સરોવરનાં કિનારે છોકરનાં વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઈજી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી બિરાજે છે. શ્રીગુંસાઈજીના વિરહના બેઠકજી છે. પાછળના ભાગમાં શ્રીગિરિરાજજીનાં બેઠકજી છે.

અહીં યાદેન્દ્રકૂપ છે. જે યાદવેન્દ્રદાસે એક રાતમાં ખોદેલો ! શ્રીજીબાવાને આરોગવા માટે મીઠું જળ અહીંથી જતુ માટે તે શ્રીનાથજીનાં જલઘરો કહેવાતો.

અંદરના ભાગમાં આ ચારેય બેઠકજી સાથે છે. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આ સરોવરમાં સ્નાન કરી છોકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીભાગવત્ પારાયણ કર્યું હતું. અને સાથેના વૈષ્ણવોને રાસ—લીલનાં દર્શન કરાવ્યા હતા.

આપણે સૌથી પહેલાં જમણે હાથે શ્રીગુંસાઇજીના વિપ્રયોગનાં બેઠકજી છે. ત્યાં જઇએ, અહીં શ્રીગુંસાઇજી વિપ્રયોગમાં બિરાજે છે. માટે બહુજ શાંતિથી જઇએ. કારણ શ્રીજીબાવાનાં દર્શન છ મહિનાથી બંધ છે. સેવા પણ બંધ છે. પાછળ એક બારી છે. તેમાંથી દર્શન કરવા પ્રયત્ન કરે છે. સામે દૂર દૂર શ્રીજીબાવાનું મંદિર છે. મંદિરની બારીમાંથી શ્રીજીબાવા દર્શન આપે છે. શ્રીગુંસાઇજી મહારાજ અહીં ભોજન છોડીને બિરાજ્યા છે. જ્યારે શ્રીનાથજીનાં અધિકારી કૃષ્ણદાસે શ્રીગુંસાઇજી માટે શ્રીનાથજીના દર્શન બંધ કર્યા ત્યારે શ્રીગુંસાઇજી છ મહિના સુધી અહીં બિરાજી પ્રભુના વિરહ કરતા રહ્યા. આ બેઠકની પાછલી દિવાલમાં એક નાની જાળી છે. એવી જ જાળી શ્રીનાથજીનાં શય્યા મંદિરમાં પણ પર્વત ઉપર હતી. એ જાળીમાંથી શ્રીનાથજી શ્રીગુંસાઇજીને દરરોજ દર્શન આપતા. કૃષ્ણદાસને આ વાતની ખબર પડતાં તેમને શપ્યા મંદિરની જાળી પૂરાવી દીધી ત્યારપછી શ્રીગુંસાઇજી કેવળ જળ ઉપર રહીને વિરહમાં છ માસ અહીંયા બિરાજ્યા.

શ્રીનાથજીનાં મુખિયાજી રામદાસ રોજ રાજભોગ પછી શ્રીનાથજીના માળા બીડા લાવે. તેમાં શ્રીજીબાવાની વિજ્ઞપ્તિ સંતાડીને લાવે તે વિજ્ઞપ્તિ શ્રીગુંસાઇજી વાંચીને પછી પોતાનો વિરહાગ્નિ શાંત કરવા માટે જળમાં ઘોળીને પીંજતા, બીડાનાં પાન ઉપર પોતાના નેત્રોનાં કાજલથી શ્રીનાથજીને એનો જવાબ મોકલે એ વિજ્ઞપ્તિપ્તઓ છે. વિનવણીઓ છે. હૃદયનો સંતાપ છે. વ્યથા છે. બીજા દિવસે શ્રીજીબાવા એનો જવાબ આપતા આ રીતે છ માસ સુધી શ્રીગુંસાઇજી એ અહીં વિપ્રયોગ કર્યો હતો.

એક વખત શ્રીનાથજીબાવાએ કૃષ્ણદાસ અધિકારીને આજ્ઞા કરી કે તમે શ્યામ કુંભારને મૃદંગ સાથે તેડીને રાત્રે પરસોલી (ચંદ્રસરોવર) આવજો. તે મૃદગ ઘણું સારું વગાડે છે. શ્રીનાથજીની આજ્ઞા પ્રમાણે કૃષ્ણદાસ શ્યામ કુંભારને લઇ પરાસોલી ગયા. ત્યાં શ્રીનાથજી શ્રી સ્વામિનીજી સહિત બિરાજતા હતા. શ્રીનાથજીએ આજ્ઞા કરી કે શ્યામ, તુ મૃંદગ બજાવ અને કૃષ્ણદાસ તમે કીર્તન કરો. શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી મૃંદગના તાલે નૃત્ય કરવા લગ્યા. તે વખતે કૃષ્ણદાસે નીચેનું પદ ગાયું. ''શ્રી વૃષભાનું નંદિની હો નાચત લાલ ગિરિધન સંગ''

એક વખત શ્રીગુંસાઇજી ગોકુલમાં બિરાજતા હતા. શ્રીગિરિધરજી અને સર્વ બાળકો જતીપુરામાં બિરાજતા હતા ત્યાં રાસધારીઓ આવ્યા. શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીને પૂછીને પરાસોલીમાં રાસ કરાવ્યો, ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગુંસાઇજીનાં સેવક ચર્તુભુજદાસજીને આજ્ઞા કરી કે તમે કંઇક ગાવો. ચર્તુભુજદાસે કહ્યું મારું ગાન સાંભળનાર શ્રીનાથજી અહીં પધર્યા નથી હું કેવી રીતે ગાઉં ? ત્યારે શ્રી ગોકુલનાથજીએ કહ્યું કે શ્રીનાથજી હમણાં પધારશે. શ્રીગોકુલનાથજીની વાત સત્ય કરવા માટે શ્રીનાથજીએ શ્રી ગિરિધરજીને જગાડીને પરસોલી પધર્યા. શ્રીગોકુલનાથજી અને ચર્તુભુજદાસજીને શ્રીનાથજીના દર્શન થયા બીજા કોઇને દર્શન થયા નહી. શ્રીનાથજીના દર્શન કરીને ચર્તુભુજદાસે કીર્તન ગાયા. આખી રાત રાસલીલા થઇ ચર્તુભુજદાસ આવા ટેકીલા હતા. તેઓ બીજા કોઇના આગળ ગાતા નહીં.

અંદરના ભગમાં શ્રીમહાપ્રભુજી, શ્રી ગુંસાઇજી, શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી એ ઝારી ચરણ સ્પર્શ કરી લઇએ. શ્રીગિરિધરજી અને શ્રી ગોકુલનાથજીએ અહીં બિરાજી શ્રી ભાગવતનું પારાયણ કર્યું હતું. શ્રી ગોકુલનાથીએ શ્રી સર્વોત્તમ પરની બધી ટીકા અહી લખી હતી.

ચાલો, આપણે બેઠકજીની પરિક્રમ્મા કરી લઇએ ચારેય સ્વરૂપોને વિનંતિ કરીએ કે અમને પણ અહીં ચંદ્રસરોવર પર આપનાં ચરણારવિંદ માં બોલાવજો. પ્રાણશ્રેષ્ઠ પ્રભુનાં દર્શન કરાવજો. વધુ કૃપા કરો તો અમને રાસલીલાનું પણ સુખ આપજો, રાસમાં પ્રવેશ કરાવજો. પ્રભુ, રસ શું ? રાસ શું ? હું શું સમજુ. નાથ કૃપા કરીને એનું દાન કરો. હવે આપણે ભગવદ્ નામ લેતા લેતાં આન્યોર જઇએ.

આપણે પણ શ્રી ગુંસાઇજીને વિનંતિ કરીએ, હે કૃપાનાથ આપને તો છ મહિને દર્શન થયા ન હતા. અમે તો અનંત સમયથી પ્રભુથી વિખૂટા પડયાં છીએ કયારે.... કયાંથી કેમ વિખૂટા પડયા તે યાદ નથી..... છતાં અમને પ્રભુનો વિરહ પણ થતો નથી. તો કૃપા કરીને સાચા હૃદયની એ વિરહાર્તિનું દાન કરો. આપે લખેલી વિજ્ઞપ્તિઓ નો રસ અમારા રોમરોમમાં ભરી દો. અહીં બિરાજી શ્રીગુંસાઇજી રોજ શ્રીનાથજી માટે પુષ્પમાળા સિદ્ધ કરી મોકલતા.

બહારનાં ભાગમાં સુરદાસજીની કુટિર છે. ચંદ્રસરોવર સુરદાસજીનું ભાવાત્મક દ્વાર છે. સુરદાસજી નિત્ય લીલામાં ચંપકલતા સખી હતા. તેથી આ ચંપકલતા સખીની નિકુંજ કહેવાય છે. અહીં ચંદ્રકૂપ આવેલો છે. ત્યાં બે મોટા વજનદાર પથ્થરો છે. જેને બજાવવાથી નગારા જેવો અવાજ નીકળે છે. આ પથ્થરોને ઈદ્રના નગારા તરીકે ઓળખવામાં આવે છે. અહીં મહાકવિ સુરદાસજીના નામ સાથે જોડાયેલ વિદ્યાલય પણ ચાલે છે. અહીંથી તેમણે નિત્ય લીલામાં પ્રવેશ કર્યો હતો. શ્રીગિરિરાજજીનું આ ત્રીજુ દ્વાર છે. અહીં બિરાજી સુરદાસજી એ સવાલાખ પદ રચ્યાં હતા. ''દૃઢ ઈન્ ચરણ ન કેરો ભરોસો'' પદ અહીં સૂરબાવાએ ગાયેલુ.

આપેલ લખેલ સવાલક્ષ પદ મને હૃદયારુઢ થાય. તેમાં વર્ણવેલી સર્વલીલાની હું ઝાંખી કરું એવી કૃપા પોતાનો જાણીને કરો, હે, સુરદાસજી, અમને અલૌકિક નેત્રોનું દાન કરો. જેના થકી પ્રભુની સર્વલીલાનાં દર્શન થાય.

એક દિવસ શ્રીમહાપ્રભુજીનાં સેવક કુંભનદાસજી રાજભોગ આરતીનાં દર્શન કરીને તેમનાં ગામ જમુનાવતા જતા હતા. ત્યારે રસ્તામાં ચંદ્રસરોવર ઉપર એક માળી તેમને મળ્યો, તે ૨૦૦ મોટી સુંદર કેરીઓનો ટોપલો ભરીને ચંદ્રસરોવરનાં ઘાટ પર બેઠો બેઠો કેરીઓ સાફ કરી રહ્યો હતો. કુંભનદાસજીએ જોયું કે કેરીઓ શ્રીનાથજીને લાયક છે. તેમણે ભાવ પૂછયો. માળીએ કહ્યું કે મને આ ટોપલાના મથુરામાં દશ રૂપિયા મળશે. કુંભનદાસજી પાસે પૈસા હતા નહી, એટલે તેમણે શ્રીનાથજીનું સ્મરણ કરીને વિનંતિ કરી કે પ્રભુ, આ કેરીઓ આપને આરોગવા લાયક છે. આપતો ઉત્તમ વસ્તુનાં ભોકતા છો તેથી શ્રીમહાપ્રભુજીની કાનિથી આપ આરોગો તરત જ અલૌકિક સ્વરૂપે પધારી શ્રીનાથજી બધી કેરી આરોગ્યા.

આન્યોર :

''ગિરિરાજધરણ શ્રીજી તિહારે શરણ'' નું સ્મરણ કરતાં કરતાં લો, આ આન્યોર ગામ આવી ગયું. નાનકડું રળિયામણું ગામ છે. સફેદ રંગના નીચા ઘાટનાં ઘર છે. વ્રજવાસીઓની વસ્તી છે. ગામમાંથી પસાર થઇને આપણે સદુપાડેજી ના ઘરે જઇએ. અહીં શ્રીવલ્લભ પહેલીવાર પધાર્યા ત્યારે સદપાડેજીના ઘરે બિરાજયા હતા. અહીંથી જ શ્રીનાથજીને મળવા શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા હતા. અહીંથી જ શ્રીનાથજીને મળવા શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા હતા. અહીં શ્રીવલ્લભે સદુપાડે, એમનાં ભાઇ માણેકચંદ પાડે, એમના માતા એમના પત્ની ભવાની અને દીકરી નરોને શરણે લઇ સેવક કરી શ્રીનાથીને સોંપ્યા હતા. શ્રીગિરિરાજજી ઉપર બિરાજતાં શ્રીજી અહીંથી નરોને બૂમ પાડી કહેતા. ''અરે નરો, મોકો ભૂખ લગી હૈ, બેગી દૂધ લાઇઓ,'' નાનકડી નરો બાલસુલભ સ્વરે શ્રીજી બાવાને કહેતી, ''બાવા, આજ મેરે ઘર પાહુને આયે હૈ'' મૈ અભી લેકે આઇ.

અહી શ્રી ગિરિરાજ બાવાની તળેટીમાં શ્રીગિરિરાજની તદન નજીક સદુપાડેજીના ઘેર આપણે આવી ગયા છીએ.

શ્રી મહાપ્રભુજીના સેવકોનાં બે વંશ આજ સુધી ચાલ્યા છે. એક ખેરાળુમાં જગન્નાથ જોષીનો અને બીજો અહી આન્યોરમાં સદુપાડેજીનો આજે આ બે ઘરમાં આ બે ભગવદીઓનાં વંશજો શ્રી વલ્લભની સેવા કરે છે. લગભગ આ ૧૭મી પેઢી છે. એમ જાણવા મળ્યું છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી અહી સદુપાડેના ઘરમાં બિરાજ છે.

આ એ ગામ છે, જ્યાં શ્રી ઠાકોરજીએ ગિરિરાજ બાવા ને વ્રજવાસીઓને કહીને અન્નકુટ આરોગાવ્યો હતો. આ એ જ ગામ છે. જ્યાં શ્રી ગિરિરાજજીમાંથી શ્રી ઠાકોરજી સ્વયં પ્રગટ થઇને એક હજાર ભૂજાઓ, ધારણ કરીને અન્નકુટ આરોગ્યા હતા. આ એજ ગામ છે. જ્યાં સકલ વ્રજવાસીઓની સામગ્રી આરોગ્યા હતા. પછી ભૂલેચૂકે કોઇ વ્રજવાસીના તંબુમાં સામગ્રી રહી ગઇ હોય એ આરોગવા માટે ભગવાને આજ્ઞા કરી હતી. ''આન આોર, આન ઓર, આન ઓર, એટલે કે હજી વધારે લાવો, હજી વધારે લાવો. આમ જે

સ્થળે, આન ઓર એવી આજ્ઞાથઇ એ સ્થળનું નામ પડયું ''આન્યોર'' કાન દઇને સાંભળો તો હજુ પણ ''આન ઓર, આન ઓર'' જરૂર સંભળાશે. તમારી પાસે જે કાંઇ સામગ્રી હોય તે ધરી દેજો.

અહીંથી શ્રીઠાકોરજીએ પોતાના જમણોશ્રી હસ્ત ઠેઠ બરસાના સુધી લંબાવી વૃષભાનજીની બીલોવનહારી બદરોલાની સામગ્રી માગીને આરોગી હતી. ''દેખોરી હરિ ભોજન ખાત, સહસ્ત્ર ભુજા ધર ઈત જેવંત હૈ, ઈત ગોપીનસો કરત હૈ બાત.''

આ સદુપાંડેજીના ઘરનો ઓટલો છે. શ્રીમહાપ્રભુજી અહીં બિરાજયા હતા. સદુપાંડેજી પાસેથી શ્રીનાથજીનાં પ્રાગટની વાત સાંભળી હતી. ''ગિરિકંદરામાંથી પ્રગટ થયા પ્રભુ આપ ગોવર્ધન નાથ રે'' બીજા દિવસે ગોવિંદકુંડમાં સ્નાન કરી શ્રીજીબાવાને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધરાવવા માટે આપ શ્રી ગિરિરાજજી ઉપર જઇ રહ્યા હતા. સાથે આપનાં સેવકો અને વ્રજવાસીઓ હતા. સદુપાંડેજીનાં ઘરની પાછળ જ શ્રીગિરિરાજજી બિરાજે છે. શ્રીવલ્લભ ત્યાં પધાર્યા. બે શ્રીહસ્ત જોડી શ્રીગિરિરાજબાવાને વંદન કર્યા, દંડવત કર્યા. અને ''શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ'' સ્તોત્રથી સ્તુતિ કરી. ''ભક્તાભિલાષા ચરિતાનું સારી.....'' વિનંતી કરે છે. ''હે શ્રી ગિરિરાજબાવા તમારા પ્રાણશ્રેષ્ઠ એજ મારા પ્રાણપેષ્ઠ છે. તમારી ભીતર બિરાજે છે. એની આજ્ઞાથી આવ્યો છું હું જાણું છું કે મારા કઠોર ચરણ આપનાં શ્રીઅંગ ઉપર મૂકીશ તો આપને શ્રમ થશે. આપ આજ્ઞા આપો તેમ કરું.

શ્રીગિરિરાજબાવાએ શ્રીમહાપ્રભુજીને સાક્ષાત દર્શન આપીને આજ્ઞા આપી. ''હે શ્રી વલ્લભ, ભલા કોઇને પોતાના સ્વામીના ચરણકમલના સ્પર્શથી શ્રમ થાય ખરો ? હું તો આ દિવસની કયારનો રાહ જોઇ રહ્યો છું. કયારે શ્રી વલ્લભ પધારે અને એમનાં ચરણારવિંદ મારા ઉપર પધરાવે. આપ સુખેથી ઉપર પધારો.

શ્રીવલ્લભ શ્રીજીબાવાને મળવા માટે બહુ કોમળ ચરણારવિંદથી ઉપર પધારી રહ્યા છે. શ્રીગિરિરાજબાવાએ વિચાર કર્યો. મારા શિલાખંડ બહુ કઠોર છે. શ્રીવલ્લભ સુકોમળ છે. એમના ચરણારવિંદને શ્રમ થશે. એમણે, એમનાં શિલાખંડોને માખણ જેવા કોમળ કરી દીધા.

એક ડગલું શ્રી વલ્લભ ઉપર પધર્યા ત્યાં તો ગિરિશિખર ઉપરથી પીળું પીંતાબર અને લાલ ઉપરણો ધરીને મોતીના આભૂષણોથી સજ્જ થઇને, પીળી પાઘ અને મોરપિચ્છના મુગટમાં શોભતાં શ્રી ગોવર્ધનનાથજી સામે પધાર્યા. શ્રી વલ્લભનાં આગમનને વધાવવા મધુર સ્વરે વેણુ વગાડી. બંનેની દૃષ્ટિ મળી. શ્રીઠાકોરજી શ્રી વલ્લભભને મળવા એક ડગલું નીચે પધાર્યા. બંનેના અધર હસી ગયા. બંનેને એક જ અભિલાષા છે. પરસ્પરના અધરામૃતનું પાન કરવાની. વલ્લભ એ સ્વામિનીજી સ્વરૂપ છે. શ્રીરાધા અધરસુધા વિના પિયુને બીજુ તે કાંઇ નવ ભાવે. શ્રી ઠાકોરજી એક ડગલું નીચે પધાર્યા અને શ્રીમહાપ્રભુજી એક ડગલું ઉપર પધાર્યા. પ્રસન્ન થયેલા બંને સ્વરૂપો એક સાથે ગાય છે. ''અધરં મધુરં'' બંને એકબીજાના અધરોનું દાન કરે છે. અધરોની મધુરતા માણે છે. આમ બંને સ્વરૂપો ગિરિરાજબાવાનાં એક જ શિલાખંડ ઉપર આવી ગયા છે. હવે વાર શાની, વિલંબ કેવો ? રાહ કોની જોવાની ? બંને સ્વરૂપોએ શ્રી હસ્ત લંબાવ્યા અને પરસ્પરના આલિંગનમાં સમાઇ ગયા. આમ પ્રથમ મધુર મિલન થયું. પરસ્પરના અધર રસનું પાન કરતાં એકબીજાને સ્પર્શ કરતા ગાય છે. ''મધુરાધિપતે રખિલં મધુરમ્''

ઉપર પધારીને શ્રીવલ્લભે ગિરિકંદરામાં બિરાજતા શ્રીજી બાવાને વ્રજવાસીઓની મદદથી બહાર પધરાવ્યા. આજ્ઞા કરી શ્રીજીબાવા માટે જલ્દી એક નાનકડુ સુંદર મંદિર સિદ્ધ કરી દ્યો. આજે પણ એ પ્રાચીન મંદિરના અવશેષો શ્રીગિરિરાજજી ઉપર બિરાજે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીજી બાવાને પાટ પધરાવ્યા. દૂધ, દહીં, ઘી, ખાંડ, મધથી, પંચામૃત સ્નાન કરાવ્યું. અભ્યંગ કરાવ્યું. જલથી સ્નાન કરાવ્યું. શ્રીજીબાવાને ધરવાના વસ્ત્ર શૃંગાર જોઇએ. કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી ''મારી કોઇ કોરી ધોતી હોય તો લાવો. કૃષ્ણદાસજી કેસરી કિનારની કોરી ધોતી લાવ્યા. આપશ્રીએ બે ટુક કર્યા એક ટુકની ધોતી બનાવીને ધરી બીજા ટુકમાંથી બે ટુક કરીને એકનાં ઉપરણો અને બીજાનો પાઘ બનાવીને ધર્યો. આ દિવસ અખાત્રીજનો હતો. શ્રીબાવાને કેસરી કિનારનાં સફેદ ધોતી ઉપરણાં અને પાઘનો શૃંગાર થયો. આપણાં ઘરોમાં પણ આ દિવસે આપણાં શ્રી ઠાકોરજીને આ વસ્ત્ર ધરાવાય છે. વ્રજવાસીઓને આજ્ઞા કરી કે વનમાંથી ગુંજા (ચણોઠી) વીણી લાવીને એની

માળા બનાવો સુંદર મોરપીંછ લાવો. ગુંજાની માળા અને મોરપીંછ ધરાવ્યું. વ્રજવાસીઓ પુષ્પમાળા સિદ્ધ કરી લાવ્યા. શ્રીજીબાવાને વનમાળા ધરીશ્રી હસ્તમાં બંસી ધરી. શ્રીમહાપ્રભુજીએ સ્વયં સામગ્રી સિદ્ધ કરી શ્રીબાવાને ભોગ ધર્યો. ભોગ ધરીને શ્રીમહાપ્રભુજી બહાર બિરાજ્યા છે. સામે સદુપાડે વગેરે વ્રજવાસીઓ બેઠાં છે. આપ આજ્ઞા કરે છે. પાડેજી તમારા સૌનું મહાન ભાગ્ય છે. અહી શ્રી ઠાકોરજી પ્રગટ થયા છે. તમારી સાથે ખેલે છે. માગી માગીને આરોગે છે.

આ પ્રભુ શ્રીગોવર્ધન નાથ છે. ગોવર્ધન એટલે ભક્ત. ભગવદીયોનાં નાથ એટલે ગોવર્ધનનાથ. આજથી એમનું નામ શ્રી ગોવર્ધનનાથ, વ્રજવાસીઓ કહે, મહારાજ અમને આટલું લાંબુ નામ બોલતા આવડે નહીં. અમે તો એમને શ્રીનાથજી અથવા શ્રીજી કહીશું. કોઇ કહે અમે શ્રીજીબાવા કહીશું આપણને પણ જે નામ ગમે તે નામથી બોલાવી તેમની પ્રેમથી સેવા કરીશું.

અહીં રામદાસ કરીને એક વિરકત એકાંતવાસ કરી રહ્યા છે. એમને શ્રી વલ્લભે બ્રહ્મસંબંધ આપી શ્રીનાથજીની સેવા શીખવી. અને તે શ્રીનાથજીના પહેલા મુખીયાજી થયા (બન્યા)

તે વખતે કુંભનદાસજી જેઓ શ્રીવલ્લભથી ૧૦ વર્ષ મોટા હતા તેમને કીર્તનની સેવા સોપી જેઓની સાથે ઠાકોરજી રોજ ખેલવા પધારતા. વ્રજવાસીઓને ભોગ ધરવાની સામગ્રી પહોંચાડવાની સેવા સોંપી.

શ્રીમહાપ્રભુજી સદુપાંડેના ઘરમાં સાત દિવસ બિરાજયા અને શ્રી ભાગવત પારાયણ કર્યું. શ્રીજીબાવાએ સદુપાડેજીના અંધ માતા ઉપર પણ કૃપા કરી ઘરના બધા બાળકોને મા કલેઉમાં રોટલો અને માખણ સવારે આપે. બધા છોકરાઓ લાઇનમાં ઉભા રહે. દરેકને મા હાથ પકડીને પૂછે ‘‘બેટા, તારુ નામ શું છે ?’’ પેલો નામ બોલે એટલે મા રોટલા ઉપર માખણ મૂકીને આપે. માને આંખે ઓછુ દેખાય પણ હાથના સ્પર્શથી અને અવાજથી બધા છોકરાને ઓળખે.

એક દિવસ અજાણ્યો હાથ માનાં હાથમાં આવી ગયો. માને થયું : ‘‘આ નવો છોકરો કોણ આવ્યો આન્યોરમાં ?’’ મા એ પૂછયું : ‘‘બેટા, તેરો નામ કહા?

બાળક કહે છે : ‘‘મા મેરો નામ દેવદમન.’’ અરે, દેવદમન તું આયો બેટા, માતો રાજી થઈ ગયા. રોટલા ઉપર બધાનાં કરતાં વધારે બમણું માખણ મૂકીને આપ્યું કહે છે. બેટા દેવદમન રોજ આયો કર, નરો સાથે પણ ખૂબ ખેલ્યા છે. સદુપાડેજીનાં પત્ની ભવાનીની ખૂબ સેવા અંગીકાર કરી છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનાં બેઠકજીએ આપણે આવ્યા છીએ. બંને સ્વરૂપોને કેસર સ્નાન કરાવીએ, ધોતી ઉપરણાં ધરીએ, સુગંધી સમર્પીએ તિલક કરી, માળાજી ધરી ઝારીજી ભરીએ, ભોગ ધરી દડવંત કરીએ. સદુપાડેના વંશજો આજે પણ છે. તે સૌને ભગવદ્ સ્મરણ કરીએ. સૌ ભગવદીઓનું સ્મરણ કરી દંડવત કરીએ.

શ્રી મહાપ્રભુજીના બેઠકજીનાં પાછળનાં ભાગમાં શ્રીગિરિરાજીમાં દહી—કટોરાનું ચિન્હ છે. શ્રી ઠાકોરજી અહીં છાક આરોગ્યા હતા. તેમાં મુખ્ય દહીં—ભાત આરોગ્યા હતા.

આન્યોર ગામમાં શ્રીદાઉજીનું શિખરબંધ મંદિર છે. તેની પાસે સંકર્ષણ કુંડ છે. તે કુંભનદાસજીનું દ્વાર છે. શ્રી ગિરિરાજજીની ઉપર છિદ્ર શિલા છે. જ્યાં ગાય નિત્ય દૂધ સ્ત્રવતી હતી. શ્રીનાથજીના પ્રાકટય સ્થળે મંદિર છે. તેની અંદર ગાજની વાજની શિલા છે.

આન્યોરની પાથો ગુજરી શ્રી ગુંસાઇજીની સેવક હતી. શ્રીનાથજીએ તેને રસ્તામાં રોકીને તેની પાસેથી દહીં—ભાત આરોગ્યા હતા. એટલામાં શંખનાદ થતા શ્રીહસ્ત ધોયા વગર મંદિરમાં પધાર્યા હતા. શ્રીગુંસાઇજીએ શ્રીનાથજીનાં શ્રીહસ્ત દહીં—ભાતવાળા જોઇને પૂછયું, ‘‘આપ કયાં આરોગ્યા છો ?’’ શ્રીજી બાવાએ કહ્યું ‘‘પાથો ગુજરીની પાસેથી આરોગ્યો,’’ આથી શ્રી ગુંસાઇજીની આજ્ઞાથી પાથો ગુજરી દરરોજ મંદિરમાં જઇને શ્રીનાથજીને દહીં—ભાત આરોગાવતી. તે દિવસની કુનવારામાં શ્રી ગુંસાઇજીએ દહીં—ભાતની સામગ્રી રાખી છે.

આન્યોરમાં એક વ્રજવાસીની ગાય ખોવાઇ ગયેલી. તેનું આળ તેની પુત્રવધુ પર આવ્યું. તેણે શ્રીનાથજીને વિનંતી કરી કે મારી ગાય જડશે તો હું તમને માખણ આરોગાવીશ. શ્રીજીબાવા તે ગાય નો કાન પકડી વાડામાં લઇ આવ્યા હતા.

અહીંના સૌ વ્રજવાસીઓ ને ભગવદ્ સ્મરણ કરી આપણે ગોવિંદકુંડ તરફ જઇશું.

ગોવિંદ કુંડ :

ગોવિંદ કુંડ જતાં શ્રી ગોવિંદબિહારીજી અને શ્રીદાઉજીનું મંદિર આવે છે. પાસે ગૌરીકુંડ છે. ગોવિંદકુડ પાસે ચતુરાનાગાની સમાધિ છે. જેઓ વ્રજના સંત હતા. આ સમાધિ લાલ પથ્થરની શિખરબંધ છે. ત્યાં જ ગંધર્વકુંડ અને ગંધર્વવૃક્ષ છે. લો, ગોવિંદકુંડ આવી ગયો. દર્શન કરીએ. પગથિયાં ઉતરીને નીચે જઇ આચમન કરીએ.

આ એ કુંડ છે, જ્યાં ઇન્દ્રે ભગવાનને જલથી અભિષેક કરીને પ્રભુનું ગોવિંદ નામ રાખ્યું. ભગવાનની ક્ષમા માગી હતી. શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઇજી અને સૌ બાલકો શ્રીનાથજીની સેવામાં જતા પહેલા આ કુંડમાં સ્નાન કરતા.

એક સમયે શ્રીઠાકોરજી વ્રજભક્તો સાથે અહીં પધાર્યા. વ્રજભક્તોની ઇચ્છાથી શ્રીઠાકોરજીએ એકબીજાનાં હાથ ઝાલી વર્તુળાકારે આ કુંડમાં ઉભા રહી સમુહમાં સ્નાન કર્યું. ત્યારે શ્રી ઠાકોરજીનો ડાબો શ્રીહસ્ત શ્રીસ્વામિનીજીએ પકડયો હતો. અને જમણો શ્રીહસ્ત શ્રી ચંદ્રાવલીજીએ પકડયો હતો. સખીઓએ શ્રી સ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજીના બીજા હસ્ત પકડયા હતા. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સન્મુખ વર્તુળમાં ઉભા હતા. સ્નાન કરતાં જળમાં ડૂબકી મારતી વખતે શ્રીસ્વામિનીજીએ શ્રી ઠાકોરજીનો હસ્ત છોડી દીધો. એટલે શ્રીસ્વામિનીજી એકલા રહી ગયા. આથી શ્રી સ્વામિનીજી ઉદાસ થયા. શ્રીઠાકોરજીએ ઉદાસીનું કારણ પૂછયું. ત્યારે શ્રીસ્વામિનીજીએ કહ્યું, ગોળાકાર મંડળમાં મારું વર્ચસ્વ રહ્યું નહીં. આપની સન્મુખ શ્રીયમુનાજી આવ્યા તેથી મેં સ્નાન કર્યું નહી. આ સાંભળીને, સર્વ વ્રજભક્તોનાં આગ્રહથી શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને ફરીથી સ્નાન કરાવ્યું. આ વખતે સર્વભક્તોનાં હૃદયના શુદ્ધ પ્રેમરસ ગોવિંદકુંડના જળમાં ભળી ગયો. દૂધ સ્નેહનું સ્વરૂપ છે. દૂધમાં સર્વ રસ રહ્યાં છે. તેથી વ્રજભક્તોનાં સ્નેહરસવાળું ગોવિંદકુંડનું જળ દૂધમય બની ગયું. ગોવિંદકુંડની આ રહસ્યલીલા અદભૂત છે.

શ્રીગુંસાઇના સેવક એક કણબી વૈષ્ણવ ગોવર્ધનમાં રહેતા હતા. એક દિવસ તેમણે કૃષ્ણભટ્ટ પાસેથી જાણ્યું કે ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે. બીજા દિવસે શ્રીગુંસાઇજીએ કથામાં એજ વાત કહી, જેનું ભાગ્ય હોય તેને

આવાં દર્શન થાય છે તે ભોળા વૈષ્ણવે શ્રીગુંસાઇજીને વિનંતી કરી કે મને આવા દર્શન કેમ થત નથી ? આ વાત સાંભળીને શ્રીગુંસાઇજીએ વિચાર કર્યો કે ''મારા સેવક કૃષ્ણભટ્ટની વાણી મિથ્યા નહિ થવી જોઇએ. સાચી બનવી જોઇએ. તેથી શ્રીગુંસાઇજીએ આ કણબી વૈષ્ણવને દિવ્ય નેત્ર આપ્યાં અને કૃષ્ણભટ્ટના કહેવા પ્રમાણે તેમને ગોવિંદકુંડ દૂધથી ભરેલા છે તેવા દર્શન થયા.

ગોવિંદકુંડ પાસે શ્રીગિરિરાજજીની એક ગુફામાં શ્રીમહાપ્રભુજીનાં સેવક અચ્યુતદાસ રહેતા હતા. તેમને માનસી સેવા સિદ્ધ થઇ હતી. તેઓ એકાંતવાસ કરતા. શ્રીગુંસાઇજી દરરોજ મધ્યાન્હ સંધ્યા કરવા ગોવિંદકુંડ ઉપર પધારતા ત્યારે અચ્યુતદાસને અચૂક મળતા. અચ્યુતદાસના નેત્રોમાં શ્રીગુંસાઇજીને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતા.

આન્યોરથી મોહના ભંગી નામનો શ્રીનાથજીનો એક ભક્ત પૂછરી તરફ જતો હતો. શ્રીનાથજી ગોવિંદકુંડ ઉપર ખેલતાં હતા. તે શ્રીનાથજીના દર્શન કરીને ઉભો રહ્યો ત્યારે શ્રીનાથજી તેનાં ખભા પર ચઢી બેઠા આ જોઇએ ગોવિંદસ્વામી એ કહ્યું. ''ભંગીને અડકવાથી તમે છોવાઇ ગયા છો. તેમણે શ્રીનાજીનો હસ્ત પકડી ગોવિંદકુંડમાં ડૂબકી લગાવડાવી અને પોતે પણ તેમાં સ્નાન કર્યું. શ્રીનાથજી ભીંજાયેલા વસ્ત્રે મંદિરમાં પધાર્યા. ઉત્થાપન સમયે શ્રીગુંસાઇજી પધર્યા. શ્રીનાથજીના વસ્ત્રોભીના જોઇને એમણે પૂછયું. ''બાવા યહ કૈસે હુઆ ?'' શ્રીનાથજીએ કહ્યુ ''આ ગોવિંદ સ્વામીએ મને પકડીને ગોવિંદ કુંડમાં પરાણે સ્નાન કરાવ્યું છે. ગોવિંદસ્વામીને પૂછતાં તેમણે મોહનાની બધી વાત આપશ્રીને કહીં સંભળાવી તે સાંભળીને શ્રીગુંસાઇજીએ ગોવિંદસ્વામીને પૂછયુ ''શુ બ્રહ્મ છોવાય ? ગોવિંદસ્વામીએ કહ્યું કે મહારાજ બ્રહ્મ ન છોવાય પણ શ્રી મહાપ્રભુજીની મેંડતો છોવાય.

એક દિવસ ગુંસાઇજી ગોવિંદકુંડ ઉપર સંધ્યાવદન કરતા હતા. તે વખતે અકબર બાદશાહનાં એક શિકારી રૂપમુરારીદાસ મારેલા શિકાર સાથે, લોહીથી ખરડાયેલા વસ્ત્રોમાં ત્યાંથી પસાર થતા હતા. શ્રીગુંસાઇજીએ તેમના ઉપર કૃપા કરી તેમને હિંસા ન કરવાની આજ્ઞા કરી. તેમને સેવક કર્યા હતા.

એક વખત શ્રીગુંસાઇજી ગોવિંદકુંડ સ્નાન કરી પર્વત ઉપર પધારતા હતા ત્યારે એક કૂતરો શ્રીગુંસાઇજીના ચરણ સ્પર્શની ઇચ્છાથી નજીક આવ્યો સાથેના વૈષ્ણવોએ તેને લાકડીથી માર્યો. પણ તે ખસ્યો નહી. શ્રીગુંસાઇજીએ તેને ચરણ સ્પર્શ કરાવ્યા. તેનો દેહ છુટી ગયો. પૂર્વજન્મમાં તે કૂતરો શ્રીનાથજીના દ્વારપાળ રૂપાપોળિયો હતો.

આ ગોવિંદકુંડ વિરહનું સ્થાન છે. કુંભનદાસ ને એમના પુત્ર કૃષ્ણદાસના હરિશરણ થવાથી સુતક લાગ્યું ત્યારે અહીં બેસીને તેમણે ૧૫ રાત વિરહના પદો ગાઇ પ્રભુનો વિરહ કર્યો છે.

આ એ કુંડ છે. જયાં ચર્તુભુજદાસજીએ મહાવદ સાતમથી વૈશાખ સુદ ચૌદસ સુધી જયારે શ્રીજીબાવા મથુરા પધાર્યા ત્યારે ભોજનની પણ પરવા કર્યા વિના શ્રીનાથજીનો વિરહ કર્યો છે. ચર્તુભુજદાસ રોજ સાંજે ગાયોને પાછી આવતા જુએ એમાં ન શ્રીનાથજી દેખાય કે ન સખાઓ દેખાય, ત્યારે એમની આંખમાંથી ખળખળ અશ્રુઓ વહેતા હોય, ગદગદ, બનીને વાણી કુંઠિત બની જતી હોય, છતાંય તેઓ હૃદયનો બધોજ વિયો ઠાલવને ગાતા હોય

‘‘શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલ,

તુમ બીન રહ્યો ન જાય હો ’’

આ આખુ પદ આપણે પણ રોજ સાંજે ૪ વાગ્યા પછી ગાવું જોઇએ. આવા ચર્તુભુજદાસજીને શ્રીજીબાવાએ મહિનાઓના વિરહ પછી કહ્યું, હવે હું જલ્દી પાછો આવીશ.

અહીં રસખાનજીએ વિરહ કર્યો ત્યારે શ્રીનાથજીએ દર્શન આપેલા. ખાનપાન છોડીને આંખમાંથી આંસુ વરસાવતા, ‘‘હૈ સાંવરિયા, હે સાંવરિયા, પોકારતા બેઠા ત્યારે શ્રીજીબાવા એ દર્શન આપવાની કૃપા કરી.

ગોવિંદકુંડની સામેથી શ્રીગિરિરાજજીની ઉપર જતાં શ્રીનાથજીની મુકુટ ટોપીનાં ચિન્હોના દર્શન થાય છે. આગળ જતાં ત્યાં સિંદૂરી શિલા છે તેની ઉપર આંગળી ઘસતા આંગળી લાલ થાય છે. અહીંથી ગિરિરાજ ઉપર થઇને જતીપુરા માર્ગ છે. તે ગોવિંદઘાટી (ચરણઘાટી) તરીકે ઓળખાય છે.

શ્રી ગોવિંદકુંડની મહાપ્રભુની બેઠક :

ગોવિંદ કુંડ નજીક એક કંદબના વૃક્ષની નીચે મહાપ્રભુજીની બેઠક છે. આપે કૃષ્ણદાસ મેઘનને શ્રીગિરિરાજજીમાં વ્યાપી વૈકુંઠના દર્શન કરાવ્યા હતા. ચાલો, આપણે કેસર સ્નાન કરાવી, ધોતી ઉપરણાં ધરીએ, અત્તર સમર્પીએ, તિલક કરીએ, ચરણ સ્પર્શ કરી, ભોગ ધરી દંડવત કરી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીએ કે અચ્યુતદાસ જેવી કૃપા અમારા પર કરી માનસી સેવાનું અમને દાન કરજો. અહીંથી હવે આપણે પૂછરી તરફ જઇશું.

પૂછરી :

ગોવિંદકુંડથી આગળ જતા પૂછરી આવે છે. પૂછરી જવાનાં માર્ગમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં સુંદર કુંજ નિકુંજો છે. એ ભાગમાં શ્રીગિરિરાજજીની જુદી જુદી કંદરાઓ હોવાનું પણ કહેવાય છે. વર્ષાઋતુમાં શ્રીઠાકોરજી આ કંદરામાં બિરાજી ગાયોને જોયા કરતા. કંદરાની ભીતર આવેલી કુંજ નિકુંજોમાં રાત્રે શ્રીસ્વામિનીજી સાથે પોઢતા. ચાલતાં ચાલતાં નજર બીજે ક્યાય ફેરવશો નહી આ નિકુંજોમાં શ્રીઠાકોરજીને શોધતા ચાલજો.

આ નિકુંજોમાં જ વહેલી સવારે એક વખત ચર્તુભુજદાસ શ્રીનાથજીની માળાજી માટે ફુલો વીણવા આવેલા. ત્યારે તેમણે વહેલી સવારે શ્રીયુગલ સ્વરૂપને શ્રીગિરિરાજજીની કંદરામાંથી બહાર પધારતા દર્શન થયા હતા. તેમ વખતે તેમણે એ લીલાનું વર્ણન કરતા નીચે પ્રમાણેનું પદ ગાયું.

''ગોવર્ધન ગિરિ સઘન કંદરા,
રૈન નિવાસ કિયો પિય પ્યારી''

આ લીલાનું આપણે સ્મરણ કરીએ. શ્રીઠાકરોરજી અહીં કુંજ–નિકુંજોમાં ખેલતા હશે શ્રીગિરિરાજ બાવાની કૃપા થઇ જશે તો અહી ગાય, ગોવાળ સર્પ કે સિંહ સ્વરૂપે દર્શન પણ આપણને થશે.

એકવાર કેટલાક વૈષ્ણવો પરિક્રમ્મા કરતાં અંહીથી પસાર થયેલા ત્યારે તેમને શ્રીગિરિરાજ બાવાનાં સફેદ સર્પ સ્વરૂપે દર્શન થયેલા. ફેણ માંડીને બિરાજેલા. આમ તો સર્પનો સ્વભાવ એવો કે પગરવ સાંભળે એટલે સરકી જાય પણ ભક્તોને દર્શન આપવા માટે શ્રીગિરિરાજબાવા સર્પ સ્વરૂપે પ્રસન્નતાથી ડોલતાં ડોલતાં ઘણા સમય સુધી બિરાજયા અને સૌ વૈષ્ણવો પાસે જઇ દંડવત કરેલા. આ એક સ્થાન એવું છે કે પરિક્રમ્મા દરમ્યાન શ્રીગિરિરાજજી બાવા જેના ઉપર કૃપા કરે તેને ગાય, ગોવાળ, સર્પ કે સિંહ સ્વરૂપે દર્શન થાય. પ્રભુ કૃપા કરે તો પ્રભુદાસ જલોટાને જે આધિદૈવિક વ્રજનાં દર્શન થયા હતા કે પત્રે પત્રે ચર્તુભુજ વૃક્ષે વૃક્ષે વેણુધારી, એવા દર્શન આજે પણ પ્રભુ કૃપા કરી તેનાં પ્યારાં વૈષ્ણવોને કરાવે છે.

અલૌકિક સ્વરૂપોનાં દર્શન કરવા પ્રથમ દ્દષ્ટિ ને અલૌકિક બનાવવી પડશે. પ્રભુ ક્યારે ક્યા સ્વરૂપે સામે આવીને ઉભા રહેશે તે જીવ શું જાણે ? એ પણ પ્રભુની કૃપા હોય તો જ ઓળખી શકાય નહિ તો આ દાનવિહારી ને છટકી જતાં વાર નહિ લાગે. હાથ તાળી આપી જતા રહેશે અને આપણે આંખો ચોળતા રહી જઇશું.

આ ગિરિરાજજી રત્નજડિત અને ગોવિંદકુંડ દૂધમય એ સ્વરૂપો તો અનેક વૈષ્ણવોને દર્શન થયેલા છે. ક્યારેક રસ્તામાં પાથો ગુજરી મળી જાય અને રોટલો—દહીં આપે તો લૌકિક ભાવ લાવી આનાકાની ન કરતા.

નવલકુંડ—અપ્સરા કુંડ

આગળ જતાં નવલકુંડ પાસે રામદાસજીની ગુફા છે. આ ગુફા શ્રીગિરિરાજજીની અંદર છે. અંદર જઇ શકાતું નથી. એટલે રસ્તામાંથી જ તેમને દંડવત કરીશું આ ગુફામાં રામદાસજી એકાંતવાસ કરીને વિરકત અવસ્થામાં રહેતા હતા. તેઓ શ્રીનાથજીનાં પહેલાં મુખિયાજી હતા. નવલ કુંડ ઉપર શ્રીનવલબિહારીનું મંદિર છે. અને બીજી બાજું તમાલવૃક્ષ નીચે છીતસ્વામીનું સ્થાન છે. વ્રજમાં છીતસ્વામી અહીં રહેતા હતા. તે તેમની લીલાનું દ્વાર છે.

આગળ અપ્સરા કુંડ છે. અને અપ્સરા બિહારીજીનું મંદિર છે. સ્વર્ગમાંથી ઈન્દ્રની સાથે આવેલી અપ્સરાઓએ અહીં મુકામ કરેલો. આ કુંડમાં સ્નાન કરી એમનાં નૃત્યથી શ્રીઠાકોરજીને રીઝવ્યા હતા. આ અલૌકિક સ્થાન છે. અહીં ચારે બાજુ વૃક્ષોની સઘન ઘટા અને શ્રીગિરિરાજજીની તળેટી છે. અહીંની વનશ્રી અલૌકિક આનંદ અને સાત્વિક ભાવનો ઉદય કરે છે. અહી થી પાછા આપણે શ્રીગિરિરાજજીની સન્મુખ આવી ગયા છીએ.

સારસ્વત કલ્પમાં ગોવર્ધન યજ્ઞ કરવા માટે આવેલ નંદરાયજી અને વ્રજવાસીઓનાં ડેરા અહીં થયા હતા. શ્રીકૃષ્ણે તે સમયે અહીં અપ્સરાકુંડમાં સ્નાન કર્યું હતું.

અહીં બેસીને શ્રીઠાકોરજીની લીલાઓનું ચિંતન કરવા જેવું છે. આપણે અહીં બેસીને શ્રીઠાકોરજીનું થોડું ગુણગાન કરી લઈએ. નૃત્ય આવડે તો નૃત્ય કરીને પ્રભુ રીઝવી લઈએ.

પ્રેમથી ગુણગાન કરી લઈએ કદાચ દિવાળીને દિવસે બધુ ગુમાવીને તનીયાભેર અપ્સરાકુંડમાં સ્નાન કરતાં શ્રીઠાકોરજીના દર્શન થઇ જાય.

શ્રી ગિરિરાજજીની સન્મુખ આપણે ચાલી રહ્યા છીએ, પૂછરી પાસે જ પૂછરીનાં લોઠાનું નાનકડું મંદિર છે. શ્રીઠાકોરજીએ ગિરિરાજ ધારણ કર્યો ત્યારે એક બળવાન ગોપ જેને વ્રજભાષામાં લોઠા કહે છે. તે પર્વતના આ છેડે બેઠેલો. તે ઉઠતો ન હતો. જયારે શ્રીગિરિરાજજીને ઉચકવાનો સમય આવ્યો ત્યારે આ લોઠાજીને વાંકુ પડયુ. એમણે શ્રીગિરિરાજજી ઉપર એક બાજુ બેસીને એવુ વજન વધાર્યુ કે શ્રી ગિરિરાજજી ઊંચા જ ન થયા. આ લોઠાજી શ્રીઠાકોરજીના સખા છે. તેમણે લોઠાજીનાં બળની પ્રશંસા કરી અને ત્યાંથી ખસી જવા કહ્યું. શ્રીઠાકોરજીએ તેમને કહ્યું ''હું તને વચન આપું છું કે અહીં દેવ તરીકે તારી પૂજા થશે. લોઠાજી ખસી ગયા. આજે પણ શ્રીગિરિરાજની બાજુમાં તેનું મંદિર છે. શ્રીગિરિરાજજીની ઉપર નથી. પછી પ્રભુએ ગિરિરાજ ધારણ કર્યો. અહીં તેમને આદર આપવા માટે વ્રજવાસીઓ બૂમ પાડે છે. એક જણ બોલ—પૂછરીના લોઠા એટલે બીજા બધા બોલે હુપ, હુપ, હુપ, આતો લોઠાજી બીક લાગે એવા દેવ છે. પણ આપણે એમનાથી બીવાનું નથી. આપણે તેમની પાસે જઇને પૂછવાનું છે. પ્રભુ ક્યાં મળશે ?

રાસમાંથી જ્યારે શ્રી ઠાકોરજી અંતર્ધ્યાન થયા ત્યારે તેમને શોધવા નીકળેલા ગોપીજનો અહીં સુધી આવ્યા હતા. પરંતુ લોઠાજીને અહીં બેઠેલા જોઇ મુંઝાઇ ગયા. લોઠાજી તો ભગવાથી મોટા એટલે જેઠજી સમાન એમને ઓળંગીને જવાય નહીં. બધા અટકી ગયા. એક સખીએ બીજીનાં કાનમાં કહ્યું, અલી આ ભગવાનના ખાસ મિત્ર છે. તૂ પૂછ, બીજીએ કહ્યું તુ પૂછ, આમ એક બીજાને તૂ પૂછ, તૂ પૂછ કહે છે. પણ કોઇની પૂછવાની હિંમત થતી નથી આ સ્થાનનું નામ પૂછરી પડયું.

પણ આપણેતો પૂછીશું લોઠાજી, જરા અમને બતાવશો કે તમારા મિત્ર ઠાકોરજી અમને કયાં કળશે ? લોઠાજી કહે છે. હું પણ એને જ શોધી રહ્યો છું. તમારી વિનંતી હું એમને જરૂર પહોંચાડીશ.

શ્રીગિરિરાજજીનું એક સ્વરૂપ ગાયનું છે. ગાય સ્વરૂપે તેઓ બેઠેલા છે. તેમનું મુખારવિંદ માનસીગંગામાં છે. અને અહીં પૂછરી છે. તેથી પણ આ સ્થાન પૂછરી તરીકે ઓળખાય છે.

એક વખત શ્રીનાથજીની ખોવાયેલ ગાય શોધવા ગોપીનાથદાસ ગ્વાલ અને બીજા ચાર—પાંચ ગ્વાલ આ બાજુ આવ્યા હતાં. ત્યાં તેમને ગાય મળી અને શ્રીનાથજીને ખેલતા પણ જોયા અહીંથી થોડે દૂર કૃષ્ણદાસએ બનાવેલો કૂવો છે. ચાલો, આપણે લોઠાજીને જય શ્રી કૃષ્ણ કહીને આગળ સુરભિકુંડ તરફ જઇશું.

શ્યામઢાક :

આપણે સુરભિકુંડે જતા પહેલાં પરિક્રમ્માનાં માર્ગથી જુદા માર્ગમાં થોડે દૂર શ્યામ ઢાક છે. જે પૂછરીની સામેથી દિશામાંથી જવાય છે. અહીં ખાખરાના વૃક્ષોનું સઘન વન છે. ખાખરાનાં વૃક્ષોને વ્રજભાષામાં શ્યામઢાક કહે છે. તેથી આ સ્થળનું નામ શ્યામઢાક પડયું છે. અહીં શ્રીનાથજીનાં બેઠકજી, શ્યામતલાઇ અને ગોપાલ સાગરકુંડ આવેલા છે.

અહીંના વૃક્ષોના પાદડાં પડિયા આકારનાં છે. તેથી તેને દોનાકદમ પણ કહે છે. અહીં ખાખરાના કંદબના અને શ્યામતમાલનાં વૃક્ષો છે. આ સ્થળે શ્રીનાથજીને અત્યંત પ્રિય છે. તેથી શ્રીનાથજી તેમનાં સખાઓ સાથે અહીં ખેલવા પધારતા કુંભનદાસજી અને ગોવિંદસ્વામી શ્રીનાથજી સાથે અહીં અવારનવાર ખેલવા પધારતા.

એકવાર શ્રીનાથજી અહી ગોવિંદસ્વામી સાથે ખેલી રહ્યા હતા. સાંજે ઉત્થાપનનો સમય થતાં શ્રીગુંસાઇજી સ્નાન કરીને શ્રીગિરિરાજજી ઉપર પધારી રહ્યા હતા. શ્રીનાથજી એ શ્યામઢાંક પરથી તેમને દીઠાં એટલે વૃક્ષની ડાળીએથી ઠેકડો મારી નીચે કુદયા અને મંદિરની દિશામાં દોડયા. તેથી વાગો ફાટયો અને ચિંદરડુ ઝાડ ઉપર રહી ગયું. ગોવિંદસ્વામીએ વાગાની એ ચિંદરડી લઇ જઇ ગુંસાઇજીને આપતા કહ્યું કે ઉત્થાપનનો સમય થયો હોવાથી શ્રીનાથજી શ્યામઢાક પરથી કુદયા અને વાગો ફાટી ગયો. શ્રીગુંસાઇજીએ શ્રીનાથજીને પૂછયું કે આપે ઉતાવળ કેમ કરી ? ત્યારે શ્રીનાથજીએ કહ્યું, ઉત્થાપનનો સમય થયો અને આપ સ્નાન કરી શ્રીગિરીરાજજી ઉપર પધાર્યા તેથી ઉતાવળ થઇ. ત્યાર થી શ્રી ગુંસાઇજી એ ત્રણવાર શંખનાદ, અને ત્રણવાર ઘંટાનાદ કર્યા પછી થોડીવાર રહીને (વીસપળ રહીને) મંદિરના કમાડ ખોલી ઉત્થાપનનાં દર્શન કરાવવાનો પ્રકાર શરૂ કર્યો.

એક વખત બપોરે શ્રીગુંસાઇજીના સેવક ગોપાલદાસ શ્રીગુંસાઇજી પાસે આવ્યા અને વિનંતી કરી કે શ્રીનાથજી પૂછરી તરફ બિરાજ્યા છે. અને શીતલભોગની સામગ્રી મંગાવે છે. શ્રીગુંસાઇજી તત્કાલ શીતલ સામગ્રીની છાબ મસ્તકે ધરી ખુલ્લા ચરણાવિંદે ત્યાં પધાર્યા અને શ્રીનાથજીને શીતલ ભોગ ધર્યો.

અહીં શ્રી ઠાકોરજી બપોરે ગોપીજનોએ લાવેલી છાક આરોગતા અને વિશ્રામ કરતા તેથી આ સ્થળ છાકલીલાનું સ્થળ છે. અહીં છાક લીલાના કીર્તનો ગાવા. અહીં દંડવત કરી આગળ સુભિકુંડે જઇશું.

સુરભિકુંડ઼ઃ

પૂછરીથી શ્યામઢાક ના જવું હોય તો અહીંથી સીધા સુરભિકુંડે જઇ શકાય છે. લો, આ આવી ગયું, ઇન્દ્રની સાથે સ્વર્ગમાંથી સુરભિ ગાય આવી હતી. તેણે શ્રીઠાકોરજીને દુગ્ધાભિષેક કરવા માટે પોતાના દૂધથી આ કુંડ ભરી દીધો હતો. માટે આ કુંડનું નામ સુરભિકુંડ છે. બહુ મોટો કુંડ છે. અહીં પરમાનંદદાસજીનું દ્વાર છે. અહીં શ્યામતમાલનાં વૃક્ષ નીચે બાધેલી પૂર્ણકુટીમાં તેઓ રહેતા હતા. ચાલો, આપણે કુંડના જલનું પાન કરીએ, આચમન કરીએ, માર્જન કરીએ.

કુંડની બાજુમાં મુંબઇના મોટા મંદિરવાળા શ્રીબાલકૃષ્ણલાલાજીનું મંદિર છે. મંદિર હાલ ખડેર હાલતમાં છે. પણ વ્રજપરિક્રમ્મા વખતે સુરભિકુંડની સામે શ્રીગિરિરાજજીનો છપ્પન ભોગ થાય છે. ત્યારે આ મંદિરમાં છપ્પનભોગની સામગ્રી સિદ્ધ થાય છે.

સુરભિકુંડની બરોબર સામે શ્રીગિરિરાજજીનું છપ્પનભોગનું સ્તાન છે. બહુ સુંદર બનાવ્યું છે. નીચે, આરસ મઢીને ઉપર ચારેબાજુ જાળીઓ નંકાવી છે. પગથિયા ચઢીને જવાય છે. ત્યાં શ્રી ગિરિરાજબાવા બિરાજે છે. મુખારવિંદ ઉપર પૂજન ન કરવું હોય એ સૌ અહીં આવીને પૂજન કરે છે.

અહીં આપણે શ્રીગિરિરાજબાવાનું પૂજન કરીએ. પ્રથમ જળથી પછી દૂધથી અને ફરી પાછાં જળથી સ્નાન કરાવીએ. અંગવસ્ત્ર કરી અત્તર સમર્પિએ. ધોતી ઉપરણાં ધરી માળાજી ધરીએ. ભોગ ધરીએ અહી આપણે શેનો ભોગ ધરીશું ? શ્રીગિરિરાજબાવા દૂધ અને દૂધગર તો રોજ આરોગે છે. ચાલા, આપણે ગિરિરાજબાવાને પૂછીએ, બાવા, દૂધગર સિવાયની બીજી કોઇ સામગ્રી આપને પ્રિય ખરી ? તો આપને આજે એ સામગ્રી આરોગાવીએ હા, મને બેજરની રોટી અને શાક—સંધાણું બહુ ભાવે છે. ઘંઉ અને ચણાનાં લોટને ભેગા કરીને બનાવેલી રોટીને વ્રજમાં બેજરની રોટી કહે છે. ચાલો, આપણે જલ્દીથી બેજરની રોટી સિદ્ધ કરી દઇએ. આપણે જેને કેર કહીએ છીએ તેને વ્રજમાં ટેટી કહે છે. આપણે અહીં સુરભિકુંડ ઉપર બેજરની રોટી અને ટેટીનું શાક—સંધાનાનો છપ્પનભોગ આરોગાવીએ ડબરાં ભરીને તાજુ જમાવેલું દહીં અને માખણ આરોગાવીએ. શ્રી ગિરિરાજબાવાને ભોગ ધરી, ચરણસ્પર્શ કરી, દંડવત કરીએ. ભોગ સરાવીને વ્રજવાસીઓને ગ્વાલની ભાવનાથી બાંટી દઇએ.

શ્રી મહાપ્રભેજીના સેવક પરનાનંદદાસજી અહીં પૂર્ણકૂટી બાંધીને રહેતા હતા. એક દિવસ વૈષ્ણવો તેમને મળવા આવ્યા ત્યારે આનંદ વિભોર થયા. તેમની ભારે આગતા સ્વાગતા કરી અને કહ્યુ, આજે મારા નંદન વનના પ્રિય ભગવદીઓ પધાર્યા છે. જેમનાં હૃદયમાં શ્રી ઠાકોરજી સદાય બિરાજમાન છે. આવા ભગવદીયોના ઓવારણાં લઇ ન્યોછાવર કરવા મારી પાસે બીજું કાંઇ નથી. તેથી તેમની નીચેનું પદ ગાયું.

‘‘આયે મેરે નંદન વન કે પ્યારે
માલા તિલક મનોહરબાનો, ત્રિભુવન કે ઉજિયારે’’

સારસ્વત કલ્પમાં પ્રભુએ અહીં એક લીલા કરી છે. શ્રી નંદરાયજી વગેરે વ્રજવાસીઓ શ્રીગિરિરાજજીને અન્નકુટ ધરવા અહીં આવ્યા ત્યારે તેમનો મુકામ અપ્સરા કુંડ ઉપર હતો. શ્રીવૃષભાનજીનો મુકામ સુરભિકુંડ ઉપર હતો.

રૂપ ચૌદસની રાત્રે બધા વ્રજવાસીઓ શ્રીગિરિરાજજીની પરિક્રમ્મા કરવા નીકળ્યા શ્રીકૃષ્ણ નાની ઉંમરના હોવાથી તેમનાથી ચલાશે નહી તેમ માની શ્રીયશોદાજીએ તેમને મુકામ ઉપર રાખ્યા. તેમની સંભાળ માટે મધુમંગલ સખાને રાખ્યા એ જ પ્રમાણે વૃષભાનજીએ પણ રાધાજીથી ચલાશે નહી તેમ માની લલિતા સખીની સાથે તેમને મુકામ પર રાખી પરિક્રમ્મા કરવા ગયા.

શ્રીઠાકોરજીનાં મિલન માટે શ્રીરાધાજી વિરહતાપ કરી રહ્યા હતા. એટલે શ્રીઠાકોરજીએ મધુમંગલને નિદ્રાવશ કરી સુરભિકુંડ ઉપર પધાર્યા ત્યાં બંને ચોપાટ ખેલવા પધાર્યા ચોપાટની રમત શરૂ થઇ. શ્રી ઠાકોરજી ચોપાટનાં ખેલમાં એક પછી એક પોતાના બધા આભૂષણ અને વસ્ત્રો હારતા ગયા છેવટે શ્રીઅંગ ઉપર એક લંગોટી રહી અને વેણુ રહી શ્રીઠાકોરજીએ દાવમાં વેણુ મુકવાની ચોખ્ખી ના પાડી. શ્રી ઠાકોરજી એ અપ્સરા કુંડ ઉપર જવા માટે શ્રી શ્રીસ્વામિનીજી પાસે એક વસ્ત્ર માંગ્યું. શ્રીસ્વામિનીજીએ આપની નીલામ્બર સાડી આપી. તે પહેરીને શ્રીઠાકોરજી ગિરિકંદરા વાટે પધાર્યા. ત્યાં અનેક વ્રજભક્તોએ એમની સેવા કરી. બીજી બાજુશ્રી રાધાજીએ લલિતાજી સાથે શ્રી ઠાકોરજીના વસ્ત્ર—શૃંગારની પોટલી અપ્સરા કુંડ ઉપર મોકલી આપી. લલિતાજી ત્યાં ગયા ત્યારે મધુમંગલ ઉંઘતો હતો. પણ શ્રીઠાકોરજી ત્યાં નહોતા. તેઓ શ્રી ઠાકોરજીને શોધવા નીકળ્યા. બીજી બાજુ સવાર થતા શ્રીઠાકોરજી અપ્સરા કુંડ પર સ્નાન કરવા પધાર્યા. એટલામાં પરિક્રમ્મા કરી

શ્રીયશોદાજી મુકામે આવ્યા લાલાને ન જોતાં શોધવાં નીકળ્યા. અપ્સરાકુંડે સ્નાન કરતાં જોયા શ્રીયશોદાજીએ પૂછયું. ''તમારા વસ્ત્ર શૃંગાર કયાં છે ? શ્રીકૃષ્ણે કહ્યું, આ લલિતા પાસે છે. લલિતાજીએ યશોદાજીને વસ્ત્ર—શૃંગારની પોટલી આપી સ્નાન કર્યા પછી યશોદાજીની આજ્ઞાથી શ્રી લલિતાજીએ શ્રીઠાકોરજીને વસ્ત્ર—શૃંગાર ધરાવ્યા.

સુરભિકુંડ ઉપર વૃષભાનજીએ શ્રીનદરાયજી વગેરે વેવાઇ પક્ષના વ્રજવાસીઓને છપ્પનભોગનું મહાભોજન કરાવ્યું હતું. જેથી આજે પણ છપ્પનભોગનો મનોરથ અહીં થાય છે.

થોડુંક ચાલીને સહેજ ઉપર નજર કરીશું. તો શ્રીગિરિરાજજી ઉપર વૃક્ષોની વચ્ચે એ નાનકડું સફેદ મંદિર દેખાશે. આ મંદિર ઢુંકેદા ઉજીનું કહેવાય છે. દાઉજી એટલે શ્રીકૃષ્ણના મોટાભાઇ બલદેવજી. ઢુકે એટલે કમ્મરમાંથી વળેલા દાઉજી અહીં કમરમાંથી નીચા વળ્યાં છે. એનું કારણ એ છે કે દાઉજી ને શ્રી ઠાકોરજીની રસાત્મક લીલાઓમાં પ્રવેશ નથી. એટલે તેઓ શ્રીગિરિરાજજી ઉપરથી વૃક્ષોની ઓથે સંતાઇને વાંકા વળીને સુરભિકુંડ ઉપર ખેલતાં શ્રીઠાકોરજીની લીલાનાના દર્શન કરતા હતા. તેથી તેમનું નામ ઢુંકા દાઉજી પડયું છે. આપણે તેમને વંદન કરી આગળ વધીએ.

આ મંદિરથી આગળ જતાં શ્રી ગિરિરાજજીમાં ચૌદ કંદરાઓ છે. તેમાં ગોચરણ વખતે બપોરે અથવા વર્ષાઋતુમાં શ્રીઠાકોરજી સખાઓ સાથે બિરાજતા અને ખેલતા હતા.

અહીંથી આપણે આગળ વીધેએ ત્યાં તો મંદિર પાસેથી પસાર થતા વ્રજવાસીઓને જોઇને કુતુહુલ થાય છે કે આ વ્રજવાસીઓ આમ શ્રીગિરિરાજજીની ઉપર થઇને કયાં જતા હશે ? જવાબ મળે છે, વ્રજવાસીઓ જતીપૂરાથી આન્યોર જવા માટે અહીં થઇને જાય છે. તેઓ આ સ્થાનને તેથી જ ચરણઘાટી કહે છે.

ઐરાવત કુંડ :

અહીંથી આગળ કદમના વૃક્ષોનું સઘન વન છે. ત્યાં ઐરાવત કુંડ છે. ઈદ્ર જેના ઉપર બેસીને શ્રીકૃષ્ણની માફી માંગવા આવેલો તે ઐરાવત હાથી પોતાની સાતસૂંઢમાં સ્વર્ગગંગાનું જળ ભરી લાવેલો. જે જળથી તેણે શ્રીકૃષ્ણનો અભિષેક કરેલો અને એનાથી આ કુંડ બનેલો માટે ઐરાવત કુંડ કહેવાય છે. તે કુંડ ત્રણ બાજુથી પાકા પથ્થરોથી બાંધેલો છે. ચોથી બાજુથી હાથી પાણી પીવા કુંડમાં ઉતરી શકે એવો છુટો છે. વ્રજવાસીઓ તેને હાથીયાપદ કુંડ કહે છે.

શ્રીકૃષ્ણે સાતદિવસ શ્રીગિરિરાજ ધારણ કર્યા પછી વરસાદ બંધ થયો. ભગવાને વ્રજવાસીઓનું રક્ષણ કર્યુ તેથી સો વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણની ગિરિરાજ ધારણ કરનારી જમણી ભુજાનું અહી દૂધ–દહીંથી પૂજન કર્યુ હતું. તેઓને અહીં શ્રીકૃષ્ણને આશીર્વાદ આપ્યા હતા. આ સ્થાન ઘણું અલૌકિક છે. આ કુંડ પાસે જ ગોવિંદ સ્વામીની કદમખંડી છે.

ગોવિંદસ્વામીની કદમખંડી

સુરભિકુંડની નજીકમાં જ ગોવિંદ સ્વામીની કદમખંડી છે. અહીં કંદબના વૃક્ષોની સઘન ઘટા છે. અહીં ગોવિંદસ્વામીનું લીલાદ્વાર છે. અહીં ગોવિંદસ્વામીની સમાધિની ગુફા છે. તે પ્રત્યક્ષ દેખાય છે. પરંતુ તેમાં કોઇ જઇ શકતું નથી. અહીં ગોવિંદ બિહારીજીનું મંદિર છે. રાસનો ચોતરો છે. ગોવિંદ સ્વામીની બેઠક છે. શ્રીઠાકોરજીનું હિંડોળા ઝૂલાવાનું સ્થાન છે. આ કદમખંડીમાં કોઇક કદમના વૃક્ષની ડાળીએ હિંડોળામાં ઝૂલતા યુગલ સ્વરૂપના દર્શન થાય તેવી આશા રાખીએ.

અહીં શ્રીનાથજી ગોવિદસ્વામી સાથે ખેલતા. એવી સખ્યભક્તિથી પાવન બનેલી આ ભૂમિ છે. અહીં શ્રીનાથજી ગોવિંદસ્વામી સાથે ખૂબ ખેલ્યા છે. કોઇવાર શ્રીનાથજી ગોવિંદસ્વામીને ઘોડો બનાવે, હાથી બનાવે, અને એની ઉપર અસવાર થાય. શ્રીનાથજી ગોવિંદસ્વામી સાથે ગિલ્લીદંડા જેવી રમતો પણ અહીં ખેલતા હતા. ઝૂલા અને હિંડોળા ઝૂલ્યા છે. અહીં હોરીખેલ થાય ત્યારે ઢીંચણ સુધી આવે તેટલો ગુલાલ પથરાઇ જાય તેવો ભારે ખેલ થાય. ગોવિંદસ્વામીનો કીર્તનમાં પણ જોટો નથી. ખૂબ સરસ કીર્તન ગાતા હતા.

આ પરિક્રમ્મા કરવી તે આપણાં જેવા સામાન્ય જીવનું ગજુ નથી. પરંતુ ભગવદ્ કૃપાથી જ આ કાર્ય શક્ય બને. અંતરનાં આંસુથી ચરણ પખાળી ખૂબ પ્રેમથી ચરણસેવા કરતા હૈયું તૃપ્તિ ન અનુભવે. પ્રભુ હું આપના શરણે છું જેવી છું. તેવી પણ આપની છું.... નાથ અનંત દોષો સામે દૃષ્ટિ ન કરશો. મારા દોષોને દૂર કરવા, આ લોકને પરલોકમાં કોઇ જ સમર્થ નથી. એક આપ જ એવા દયાળુ છો, સમર્થ છો, જે મારાં સર્વ દોષોને દૂર કરી શકો. તો નાથ, મારા સર્વ દોષોને દૂર કરી મારા હૃદયરૂપી સિંહાસન ઉપર હંમેશને માટે બિરાજો.

ત્યારબાદ પરિશ્રમ નિવારણ માટે શ્રીગિરિરાજબાવાને યમુનાજળથી સ્નાન કરાવીએ. ખૂબ જ નાજુકતાથી, ક્યાંક આપણા કઠોર હસ્તનાં નખ વિગેરેથી પ્રભુને શ્રમ ન થાય તેની સાવધાની રાખી સ્નાન કરાવીએ.

નિવારણ પ્રભુનાં દર્શન કરતાં હૈયામા રસની છોળા ઉછળે, રોમ રોમ એ પ્રભુરસમાં તરબોળ બનવા માટે મનરૂપી તરંગથી પ્રભુને વિંટળાઇ વળે.... હવે પ્રભુને એટલો બધો સ્નેહ—શુદ્ધ પ્રેમ કરવાનો છે. કે જેની સામે ત્રણ લોકનો સ્નેહ ઓછો પડે. આવો સ્નેહ કાંઇ બજારમાં મળતો નથી. પરંતુ મનમંદિરમાં અન્ય કોઇ માટે તસુભાર પણ જગ્યા ન રહે. ફકત પ્રભુ પ્રેમમાં રંગાયેલું મન જોઇએ. અને એ સ્નેહથી સ્નાન કરવા, અભિષેક કરાવવા ગિરિરાજબાવા તૈયાર થઇને બેઠાં છે. આપણી રાહ જુએ છે. કયારે મારા વૈષ્ણવો મને એ પ્રેમરસમાં ભીંજવી તરબોળ કરે....

દૂધ એ ઉજ્જ્વલ નિસ્વાર્થ, નિષ્કામ સ્નેહનું પ્રતિક છે. એટલે આજે પાંચ પચીસ રૂપિયાનું નહી પરંતુ અંતરના સ્નેહની અવિરત, અસ્ખલિત ધારાને દૂધનું સ્વરૂપ આપી ખૂબ પ્રેમથી પ્રભુને ભીંજવી દો, નખશિખ તરબોળ કરી દો.

પ્રભુ પણ આવો સ્નેહ જોઇ મંદ મંદ મુસ્કરાય છે. અને બે ભુજાઓમાં પોતાના ભક્તોને સમાવી લે છે. આ સ્નેહરૂપી દૂધથી સ્નાન કરાવ્યા બાદ ફરી નિર્મળ યમુનાજળથી સ્નાન કરાવો.... કયારેક કોઇ લૌકિકવૃતિ કે કામના ભૂલેચૂકે થઇ ગઇ હોય તો ક્ષમા માંગી તે સકામતાની ચિકાશ યમુનાજી દ્વારા દૂર કરવાની છે. શ્રી યમુનાજી વિના આ માર્ગમાં પ્રવેશ નથી. દોરકર સોરકર..... એવા શ્રી યમુનાજી આપણા દૂતી બની પોતાની નિકુંજમાં હાથ પકડી લઇ જઇ પ્રાણનાથ સુધી પહોંચાડશે.

તાનસેનને પણ તેમની સામે હાર માનવી પડેલી. ગોવિંદસ્વામી લીલામાં શ્રીદામા સખા હતા. શ્રી રાધિકાજીના કાકાના દીકરા—ભાઇ. શ્રીઠાકોરજી અને શ્રીરાધિકાજી વચ્ચે સંદેશાની આપ લે કરનાર હતા. ગોવિંદસ્વામીને સાથે લઇને શ્રીગુંસાઇજી સદેહે શ્રીગિરિરાજજીની કંદરામાં પધારેલા.

આવી આ પાવનભૂમિને અને ગોવિંદસ્વામીને આપણે અહીં દીનતાપૂર્વક દંડવત કરીએ. એની ચરણરજ માથે ચડાવીએ. આવી સખ્યભક્તિ અને કીર્તનભક્તિનું દાન પ્રભુ આપણને પણ કરે તેવી વિનંતી કરીએ.

હરજીકુંડ :

સુરભિકુંડથી આગળ જતાં હરજીકુંડ આવે છે. હરજી ગ્વાલનાં નામ પરથ આ કુંડનં નામ હરજીકુંડ પડ્યું છે. હરજી ગ્વાલ પૂર્વજન્મમાં વિષ્ણુ સ્વામીના શિષ્ય હતા. તેમણે ૭૦૦ વર્ષ સુધી શ્રીભાગવતનો પાઠ કર્યો હતો. તેના ફળ રૂપે તેમનો વ્રજમાં જન્મ થયો હતો. તેઓ શ્રી ગુંસાઇજીના સેવક થયા. શ્રીનાથજીની ગાયો ચરાવવાની સેવા કરતા. ગાયોને જળ પીવા તેમણે આ કુંડ બનાવેલો.

તુલસીક્યારા :

હરજી કુંડથી આગળ મુખારવિંદ તરફ જતા લીલાસ્થ ગોસ્વામી બાળકોનાં નાનાં મોટો તુલસીક્યારાઓ છે. જે ગોસ્વામી બાળકનો વંશ ચાલ્યો ન હોય તેમની સમાધિ ઘુમ્મટવાળી હોય છે. અહીં લીલામાં પધારેલા ગોસ્વામી બાળકોના અસ્થિ આ સ્થળે ભૂમિમાં પધરાવવામાં આવે છે. અને તેના ઉપર તુલસી ક્યારો બનાવવામાં આવે છે. તથા તેમના લીલા પ્રવેશનું વર્ષ પણ લખવામાં આવે છે. ૮૪ કોષની પરિક્રમ્મા વખતે યાત્રાનો મુકામ સુરભિકુંડ ઉપર પડે છે.

હવે આપણે આગળ વધતાં મુખારવિંદ તરફ આવી ગયા. અહીં પ્રભુકૃપાએ શ્રીગિરિરાજની નવકોશી પરિક્રમ્મા પૂર્ણ થાય છે. શ્રીગિરિરાજજીને સાષ્ટાંગ દંડવત કરી પ્રભુની ખૂબ ચરણસેવા કરવી છે. કારણ પ્રભુને ખૂબ પરિશ્રમ થયો છે.

તત્સુખનાં ભાવથી સફેદ મુલાયમ વસ્ત્રથી પોંછો... .ઉતાવળ નહી કરવાની.... સુંગધી સમર્પો.... ઋતુ અનુસાર, સુંદર કેસરી ધોતી ઉપરણાં, કુલ્હે જોડ, માળાજી, ગુંજામાળા વિ. ધરી પ્રભુને શૃંગાર ધરી દર્પણ દેખાડો.... હવે પરિશ્રમ નિવારણ માટે સામગ્રીનો ભોગ ધરો... પ્રભુએ જ અલૌકિક સુખ આજે આપ્યું છે. તો મનભરીને ભોગ આરોગાવો.

અનેક સ્વરૂપો ધારણ કરી પ્રભુ સહસ્ત્રભુજાથી આરોગે.... છે. આન ઓર..... આન ઓર.... જો જો કાંઇ બાકી ન રહી જાય. સામે મહાપ્રભુજીના બેઠકજી છે.... આજે સાક્ષાત શ્રી મહપ્રભુજી પધારી શ્રીગિરિરાજબાવાને આરોગાવે છે. સમય થયે ભોગ સરાવી. વ્રજવાસી બાળકોને મહાપ્રસાદ લુંટવા દો.

ફરી ફરીને શ્રીગિરિરાજબાવાને અનંત કોટિ દંડવત કરીએ.... બાવા આપની તળેટીમાં નિત્યવાસ કરીએ, વ્રજલીલાનું સુખ લુંટીએ, આપની પ્રસન્નતા બની આવે એવી ટહેલ કરીએ, એવી કૃપા કરજો. ''ગોવર્ધનકી રહીએ તરહટી શ્રી ગોર્ધનકી રહીએ.....''

પ્રભુ આપનાથી એક ક્ષણ પણ દૂર ના રાખશો... અન્યાશ્રય, અસદાલાપ અને અસમર્પિતતા મને સ્વપ્ને પણ ન સ્પર્શે એવી કૃપા કરજો.... મારા વર્તન, વાણી, વ્યવહાર માર્ગના સિદ્ધાંત પ્રમાણે બને અને તે થકી આપની પ્રસન્નતા બની આવે એવી કૃપા કરજો.... આ વ્રજ છોડી હવે ક્યાંય જવું નથી.... પ્રભુ આપનાં ચરણમાં રાખો.... નિત્ય... હંમેશને માટે....

હવે તો આ જીવ ખૂબ ભટકયો.... આ ભટકામણનો થાક લાગ્યો છે નાથ, હવે આ કાદવ કીચડવાળી લૌકિક જિંદગીને અલૌકિકતા તરફ વાળો

મારા મૂળ સ્વરૂપની સુધી કરાવો... એ પ્રમોણેની ટહેલ કરાવો કે. હરિ, ગુરુ અને વૈષ્ણવમાં કયારેય દોષ ન દેખાય. એમના ચરણોમાં મારું મસ્તક હંમેશા ઝૂકેલું રહે એવી કૃપા કરજો.

ઘણું બધું કહ્યું પ્રભુ, કારણ જેવી છુ તેવી આપની છુ આપના શરણે છું માટે કૃપા કરીને હંમેશ માટે આ જીવનું વરણ કરી વ્રજરજને લાયક બનાવજો.

ફરી ફરીને આપનાં ચરણોમાં અનંત યુગોથી વિખૂટા પડેલા આ જીવના કોટિ કોટિ દંડવત, સ્વીકારજો મારા શ્યામ..... શ્યામ.....શ્યામ.....

જય શ્રી કૃષ્ણ

શ્રી ગિરિરાજ ધાર્યષ્ટકમ્

ભક્તાભિલાષા ચરિતાનુસારી દુગ્ધાદિચૌર્યેણ યશો વિસારી ।
કુમારતાનન્દિઘોષનારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥ ૧ ॥

વ્રજાંગનાવૃન્દસદાવિહારી અંગૈર્ગૃહાગારતમોપહારી ।
ક્રીડાસાવેશતમોડભિસારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥ ૨ ॥

વેણુસ્વનાનન્દિતપન્નગારી રસાતલાનૃત્યપદપ્રચારી ।
ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥ ૩ ॥

પુલિન્દદારાહિતશમ્બરારી રમાસદોદારદયાપ્રકારી ।
ગોવર્ધને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥ ૪ ॥

કલિન્દજાકુલદુકૂલહારી કુમારિકાકલાવિતારી ।
વૃન્દાવને ગોધનવૃન્દચારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥ ૫ ॥

વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી મહેન્દ્રગર્વાધિકગર્વહારી ।
વૃન્દાવને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥ ૬ ॥

મનઃકલાનાથાતમોવ્દિારી વંશીરવાકારિતતત્કુમારી ।
રાસોત્સવોદ્વેલ્લરસાબ્ધિસારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥ ૭ ॥

મત્તિદ્વપોદામગતાનુકારી લુંઠત્પ્રસૂનાપદીનહારી ।
રમોરસસ્પર્શકરપ્રકારી મમ પ્રભુઃ શ્રી ગિરિરાજધારી ॥ ૮ ॥

॥ ઈતિ શ્રી વલ્લભાચાર્યવિરચિંત ‘શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્ સંપૂર્ણમ્ ॥

અતિથિસત્કાર કરવો તે એક વાત છે. પરંતુ અતિથિસત્કાર કરીને પોતાની જાતને કૃતાર્થ માનવી તે ભક્તનું લક્ષણ છે. આતિથ્યસત્કાર ગૃહસ્થનો ધર્મ છે. આ ધર્મ શ્રીગિરિરાજજીમાં છે, પરંતુ શ્રીગિરિરાજજી ભકત હોવાથી તેમનામાં ગૃહસ્થ ધર્મની સાથે દાસત્વની ભાવના છે. તેથી તેમણે પોતાને ઉપયોગી બધી વસ્તુઓ પ્રભુને અંગીકાર કરાવી દઇ, પોતાની ભગવદીયતા સિદ્ધ કરી છે.

આવા આ હરિદાસવર્ય શ્રી ગિરિરાજજીના સત્સંગના ફળ રૂપે પુલિંદિનીઓના મનોરથ પૂર્ણ થયા છે. શ્રીગિરિરાજજી ખરેખર કામરૂપ છે. તેઓ કોઈપણ રૂપ ધારણ કરી આ ભક્તોને દર્શન આપે છે. અને પ્રભુની સેવામાં કંદમૂળ, ફળફૂલ લઈ જવા પ્રેરે છે.

શ્રીગિરિરાજજીના જપ નો પ્રકાર

શ્રી ગિરિરાજજી ભક્ત મનોરથપૂરક છે. તેમનું ધ્યાન અને સ્મરણ કરવાનો પ્રકાર નીચે પ્રમાણે છે.

‘‘હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ’’ ।। ના સંપુટમાં શ્રીમદ્ ભાગવતના નીચેના શ્લોકોનો પાઠ કરવો.

‘‘કૃષ્ણ કૃષ્ણ મહાભાગ,
ત્વન્નાથ ગોકુલં પ્રભો ।
પ્રાતુમર્હીષ દેવાન્નઃ
કૃપિતાત્ ભક્તવત્સલ : ।।’’

આ શ્લોક નીચેના પ્રકારે સંપુટમાં જપ કરવો. ૧૦૮ વખત જપ કરવાથી એક માળા થાય. રોજ ઓછામાં ઓછી એક માળા આદર અને આગ્રહપૂર્વક કરવી.

પ્રારંભમાં ‘‘હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ ।’’ બોલવું પછી ઉપરનો શ્લોક બોલવો. પછી ‘‘હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ ।’’ બે વખત બોલવું. પછી ઉપરના શ્લોક બોલવો. શ્લોક બાદ બે વખત ‘‘હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ। ‘‘બોલવું. આમ૧૦૮ વખત શ્લોક બોલાયા બાદ, છેલ્લે એક વખત ‘‘હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ ।’’ બોલવું.

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે

વ્રજભૂમિમાં આવેલા શ્રી ગોવર્ધન ગિરિરાજજીનું સુંદર વર્ણન ભક્તકવિ શ્રીચર્તુભુજદાસજીએ નીચેના પદમાં કર્યું છે :

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે,
ઘોષસિમંતિની સંગ ગિરિવરઘરન
કરત નિત્ય કેલિ ત્હાં કામ લાજે.

ત્રિવીધ પવન સંચરે,
સુખદ ઝરનાં ઝરે,
લલિત સૌરભ સરસ મધુપ ગાજે
લલિત તરુ ફૂલ ફલિત ખટઋતુ
સદા ''ચર્તુભુજદાસ'' ગિરિધર સમાજે. (૨)

આવા શ્રીગોવર્ધન ગિરિરાજજીનું પ્રાકટય કેવી રીતે થયું અને તેમનું સ્વરૂપ કેવુ છે, તેનો આપણે વિચાર કરીએ.

શ્રીગિરિરાજજીનુ ગોલોકધામમાં પ્રાકટ્ય

''ગર્ગસંહિતા''ના ''ગિરિરાજ ખંડ'' ના નવમાં અધ્યાયમાં નારદજીએ બહુલાશ્વ નામના રાજને શ્રી ગિરિરાજજીના ગોલોકધામમાં થયેલ પ્રાક્ટય નો પ્રસંગ ખૂબ સુંદોર રીતે કહ્યો છે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુએ પોતાના રમણ માટે, પોતાના સ્વરૂપમાંથી શ્રીગોલોકધામ પ્રકટ કર્યું ત્યારે સૌ પ્રથમ કમળના તંતુ સમાન ગૌર વર્ણના શ્રી શેષજીને પ્રકટ કર્યા. શ્રી શેષજીના મધ્ય ભાગમાં ગોલોકધામ પ્રકટ થયું. પ્રભુના ચરણારવિંદમાંથી ત્રણ પ્રવાહે વહેનાર ગંગા પ્રકટ થયાં, પ્રભુના બે ઘૂંટણોમાંથી સમસ્ત રાસમંડળ પ્રકટ થયું. આમ, પ્રભુના વિવિધ અંગમાંથી સકળ લીલાસૃષ્ટિ પ્રકટ થઇ. પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે પોતાની સમગ્ર લીલાસૃષ્ટિ સાથે ગોલોકધામમાં બિરાજી, રાસવિલાસ કરવા લાગ્યા.

એક દિવસ રાસવિલાસમાં પ્રસન્ન થયેલા પોતાના પ્રિયતમ પ્રભુને નિરખીને શ્રીરાધિકાજીએ વિનંતી કરી : ''આપ આજ્ઞા કરો તો આપની પાસે એક માંગણી કરું''

'હે શ્રી રાધે, તમે જે માગશો તે હું અવશ્ય આપીશ'

'પ્રભુ અહીં શ્રી યમુનાજીએ કિનારે, વૃંદાવનની નિકુંજોની સમીપમાં આપણા રાસવિલાસને યોગ્ય એક મનોહર એકાંત સ્થળ આપ સિદ્ધ કરો.'

'તમારો મનોરથ જરૂર પૂર્ણ થશે.'

પ્રભુ આવા એકાંત સ્થળનો વિચાર કરતા, શ્રીયમુનાજીના કિનારે બિરાજ્યા, પોતાના હૃદયકમળમાં આ રાસમૂમિને યોગ્ય સ્થાને વિચાર કરતા, ચિંતન કરવા લાગ્યા.

તે જ સમયે શ્રીકૃષ્ણના હૃદયમાંથી ગોપિકાઓના પ્રેમરૂપી રસના પ્રવાહ સાથે અત્યંત પ્રકશિત તેજનો પૂંજ પ્રકટ થયો. વૃંદાવનની તે રાસભૂમિમાં આ તેજપૂંજ પર્વતના સ્વરૂપે વધવા લાગ્યો અને વિસ્તરવા લાગયો. ત્યાં સુંદર ઝરણાઓ વહેવા લાગ્યાં, મનોહર ગુફાઓ નિર્માણ પામી. કદંબ, આસોપાલવ, આંબા જેવાં વૃક્ષો અને લતાઓ શોભવા લગ્યાં. તેનું વર્ણ અને તેજ રત્નો જેવું શોભતું હતું. તે વિવિધ ધાતુઓથી યુક્ત હતો.

ક્ષણભરમાં તે અનેક માઇલ લાંબો, પહોળો ઉંચો થયો. જેમ મહેલ ઉપર સુવર્ણના કળશ શોભે તેમ તેના ઉપર શો શિખરો શોભવા લાગ્યાં. ગોલોકધામના વાસીઓ તેને ''ગોવર્ધન'' અને ''શંતશૃગ'' ના નામથી ઓળખવા લાગ્યા.

આમ અચાનક તેને પ્રકટ થયેલ જોઇ ગોલોકવાસીઓને આશ્ચર્ય થયું. પ્રભુએ પોતાનો હસ્ત તેને લગાડી, તેને શાન્ત બનવાની આજ્ઞા કરી.

આવા શ્રીગોવર્ધનનાં દર્શન કરી શ્રી રાધિકાજી અત્યંત પ્રસન્ન થયા. તેઓ પ્રભુ સાથે ત્યાં એકાંત વિહાર કરવા લાગ્યાં.

જ્યારે સારસ્વત કલ્પમાં પ્રભુએ પૃથ્વી પર પ્રકટ થવાનો નિર્ણય કર્યો ત્યારે શ્રીરાધિકાજીને પણ પૃથ્વી ઉપર પધારવા આજ્ઞા કરી. શ્રીરાધિકાજીએ કહ્યું : ''જ્યાં વૃંદાવન નથી, જ્યાં શ્રી યમુના નથી, જ્યાં શ્રી ગોર્ધન નથી ત્યાં મારા મનને સુખ નથી.'' તેથી પ્રભુએ સમસ્ત ગોલોકધામને ભૂતળ પર વ્રજમંડળમાં પ્રકટ થવાની આજ્ઞા કરી.

મંગલાચરણ (રાગ બિહાગ)	**: ભાવાર્થ :**
હૌ. હરિદાસવર્ય પૈ વારી, સીતલ ઝરના ઝરત નિરંતર, પવન સુગંધ પરમ સુખકારી (૧)	હું હરિના ભક્તોમાં શ્રેષ્ઠ એવા શ્રી ગોવર્ધન ગિરિરાજ પર વારી જાઉં છું, કારણ કે અહીં નિરંતર શીતળ ઝરણાં વહે છે. પરમ સુખકારી સુગંધિત પવન વાય છે. (૧)
વૃંદાવન કે પરમ મુકુટ મનિ, ભક્ત જનન કે અતિ હિતકારી, નંદનંદન ક્રીડત નિસિ વાસર, સંગ શોભિત વૃષભાન-દુલારી (૨)	તેઓ વૃંદાવનના પરમ મણિયમ મુકુટ જેવા છે. તેઓ ભક્તોનું અતિશય હિત કરનાર છે. વૃષ્ભાનકુંવરી શ્રી રાધિકા સાથે શ્રી નંદનંદન અહીં રાતદિવસ લીલા-વિહાર કરે છે. (૨)
નિત શ્રીવલ્લભ-વિઠ્ઠલેશ રાજત, કોટિ કલા પ્રગટે અવતારી, ભજનાનંદ દેત નિજ દાસન, પૂરન કામ ત્રય તાપ નિવારીલ (૩)	કોટિકલા સહિત પ્રકટ થયેલા, શ્રી વલ્લભ અને શ્રી વિઠ્ઠલ પણ હંમેશા અહીં બિરાજી, પોતાના સેવકોની આધિ, વ્યાધિ, ઉપાધિ દૂર કરે છે, તેમની સર્વ ઈચ્છાઓ પૂરી કરી ભજનાદંન (સ્વરૂપાનંદ) નું દાન આપે છે. (૩)
જે જન છિન ભર રહત તરહટી તાકી કથા કો કહે વિસ્તારી, જ્ઞાન-બૈરાગ તાકી રજ ચાહત સંગ-ડોલિત હૈ મુક્તિ બિચારી (૪)	જે કોઈ મનુષ્ય એક ક્ષણ પણ અહીં તળેટીમાં રહે છે, તેની ચરણ રજ મેળવવા જ્ઞાન અને વૈરાગ્ય પણ ઈચ્છા રાખે છે. તેની પાછળ મુક્તિ ડોલતી ફરે છે. તેના ભાગ્યની શી વાત કરવી ? (૪)
પુરન ભાગ પુલિંદનીન કૌ, વિમલ કથા સુક-વ્યાસ ઉચારી, ‘‘રસિકદાસ’’ જન યહ માંગત હૈ, જનમ જનમ ઈનકૌ અનુસારી (૫)	અહીં રહેનારા (ભીલસ્ત્રીઓ)નાં સૌભાગ્યની વિમળ કથા શ્રી વ્યાસજી અને શ્રીશુક્રદેવજીએ શ્રી ભાગવતમાં કહી છે. ‘‘રસિકદાસ’’ એટલું જ માગે છે કે હું પણ જન્મોજન્મ આ પુલિંદીઓનું સૌભાગ્ય પામું (૫)